પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૨/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


**સુવિચાર**
વ્યકિતનો પરિચય ચહેરાથી થાય છે પણ તેની ઓળખ તો વાણીથી થાય છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ મહા સુદ-૨ વર્ષ : ૧૫ અંક : ૦૫૨


## નાયબ દંડક કૌશિક વેકરિયા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં અધ્યક્ષસ્થાને

# અમરેલી ખાતે લાભાર્થીઓને આવાસોની પ્રતિકાત્મક ચાવીનું વિતરણ

**પ્રધાનમંત્રીએ આવાસ યોજના દ્વારા છેવાડાનાં માનવીને પાકુ અને ઘરનું ઘર અપાવ્યું : વેકરિયા**

**પ્રધાનમંત્રીએ સામાન્ય વ્યકિતને આવાસ, અન્ન અને રોજગારી માટેનાં દ્વાર ખોલી આપ્યા : સંઘાણી**

**પ્રધાનમંત્રીની વર્ચ્યુઅલ અને મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ તાલીમ ભવન ખાતે સંપન્ન થયો**

**મોટી સંખ્યામાં લાભાર્થીઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૧૦

સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને આંબેડકર આવાસ યોજનાના આવાસોના લોકાર્પણ અને ખાતમુર્હૂતનો કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને ડીસા ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં અમરેલી સ્થિત ખેડૂત તાલીમ ભવન ખાતે લાભાર્થીઓ જોડાયા હતા. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ઈફકોના ચેરમેન દિલિપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને અમરેલી ખાતેનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને આવાસની પ્રતિકાત્મક ચાવીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉદ્બોધન કરતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવીની ચિંતા કરી છે. નાગરિકોને પોતાનું કહી શકાય તેવું પાકું મકાન આવાસ યોજનાઓ થકી મળ્યું છે. આ યોજના અંતર્ગત ચાલુ વર્ષે અમરેલી જિલ્લામાં ૨,૯૦૮ મકાન મંજૂર થયા છે. કોરોના કાળમાં સામાન્ય વ્યકિતને રાશન


અનુસંધાન પાના ૬ ઉપર



Aikyam ન્યુરો સાઈકીયાટ્રી હોસ્પિટલ
ડૉ. વિવેક પી. જોષી M.B.,D.P.M./F.I.P.S.
■ શું આપને ઉદાસી રહે છે ? ■ રડવું આવે છે ?
■ ગમતુ નથી ? તો તે ડિપ્રેશન રોગનું લક્ષણ હોય શકે છે.
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ
સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ - મો.નં. ૯૭૩૭૦ ૨૮૧૮૧
કિલનીક સમય : સોમ થી શનિ - સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮


## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

# રાજુલા : તમારી જમીન અમારા ખાતે કરી દેજે નહી તો મહેશભાઈને જીવતા નહી રહેવા દઈએ

**કોર્ટ કેસ બાબતે માથાકૂટનો મામલો આગળ વધ્યો**

રાજુલા, તા. ૧૦

રાજુલાના યાદવચોક, સરસ્વતિ વિદ્યા મંદીર પાસે રહેતા રસીકભાઈ છગનભાઈ કવાડે, મહેશભાઈ ઉકાભાઈ કવાડ નામના ૩૨ વર્ષિય યુવક ના પિતા વિરૂધ્ધ દાવો દાખલ કરેલ હતો.જે બાબતનું મન દુઃખ ચાલતુ હોય ગત તા.૭ ના રોજ આરોપી રસીકભાઈ છગનભાઈ કવાડેકોઈ માણસને લઈને કોર્ટ ની નોટીસની બજવણી કરવા યુવકના પિતા પાસે ગયેલ ત્યારે યુવકના પિતા એ જણાવેલ કે,હુ અભણ છું અને મારો દિકરો મહેશભાઈ ઘરે નથી.એ આવે પછી વાંચીને મારો દિકરો કહે તો સહિ કરી આપીશ.એમ જણાવેલ અને નોટીસમા સહિ કરવાની ના પાડેલ હતી જેથી તેઓ જતા રહેલ હતા.તે વાતનું મન દુઃખ રાખી તા.૯ના રોજ શરૂ રાત્રીના દોઢ વાગ્યે યુવક પોતાની


અનુસંધાન પાના ૬ ઉપર



ખુબ ખુબ અભિનંદન...
અમરેલી જિલ્લા હોમગાર્ડ યુનિટમાંથી શ્રેષ્ઠ હોમગાર્ડની કામગીરી બદલ મુખ્યમંત્રી શ્રી એવાર્ડ એનાયત થવા બદલ આપને ખુબ ખુબ અભિનંદન સહ સાથે સાથે આપના અધિકારીશ્રીઓ શ્રી અશોકભાઈ જોષી, શ્રી સુરેશભાઈ શેખવા, શ્રી વી.જે.ગોહિલ તથા તમામ પદાધિકારીઓ તેમજ હોમગાર્ડ યુનિટ સ્ટાફને પણ ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ...



શ્રી વર્ધમાનભાઈ વજુભાઈ બામટા
એવોર્ડ વિજેતા : હોમગાર્ડ યુનિટ અમરેલી
શુભેચ્છક
શ્રી હિન્દ યુવા ગ્રુપ - અમરેલી
શ્રી અમરવેલી નાગરીક શરાફી સહકારી મંડળી - લી. અમરેલી

જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય...............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

દુઃખદ અવસાન / ઉઠમણું



વિજપડી નિવાસી શ્રી હીરાબેન બટુકભાઇ મસરાણી (ઉ.વ.૭૦) નું તા.૧૦/૦૧/૨૦૨૪, શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
સ્વ.હીરાબેન બટુકભાઈ મસરાણી
સ્વ. તા. ૧૦-૦૨-૨૦૨૪, શનિવાર,મહાસુદ-૧ (ઉ.વ.૭૦)
:: સદ્‌ગતનું ઉઠમણું ::
તારીખ : ૧૨/૦૨/૨૦૨૪, સોમવારના રોજ સાંજે : ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ : લોહાણા મહાજન વાડી વિજપડી
લી.
બટુકભાઈ ભીમજીભાઈ મસરાણી
વૃજલાલભાઈ ભીમજીભાઈ મસરાણી
હરેશભાઈ વૃજલાલભાઈ મસરાણી
રજનીભાઈ વૃજલાલભાઈ મસરાણી
મુ. વિજપડી
હરિણાણી પરિવાર-આંબરડી પીયરપક્ષની સાદડી સાથે રાખેલ છે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય



કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

### આમ આદમી પાર્ટીનાં ભાર્ગવ મહેતાનું નિવેદન

# અમરેલી જિલ્લામાં બેરોજગારીની વિકરાળ સમસ્યા દૂર કરવામાં ઉદાસિનતા

## શહેર પાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતરણ જરૂરી

અમરેલી, તા. ૧૦

અમરેલીનાં પુત્ર એવા જીવરાજ મહેતાએ વતનનું ઋણ ચૂકવવા માટે અમરેલીને જિલ્લો તો બનાવી દીધો પરંતુ તે પછીના આજ સુધીના કોઈ પણ નેતાએ અમરેલીના પ્રાણ પ્રશ્નો જેવા કે સારું અને મોટું એરપોર્ટ, તમામ સુવિધાઓ ધરાવતી જિલ્લા ક્ષેત્રની સિવિલ હોસ્પિટલ, કે અમરેલી શહેરને જોડતી બ્રોડગેજ રેલ્વે લાઈન, કે સારી સરકારી સ્કૂલો કે કોલેજો, કે અમરેલીમાં મોટા ઉદ્યોગો સ્થાપવા માટે જરૂરી જોગવાઈઓ કે જીઆઈડીસીમાં સારી વ્યવસ્થાઓ કરેલ નથી જેથી અમરેલી આજ સુધી પછાતનો પછાત જ જિલ્લો રહ્યો છે.

અને ખૂબ જ દુઃખની વાત એ છે કે અહીંયા અમરેલી જિલ્લામાં ગ્રેજયુએટ થયેલ કોઈપણ યુવક કે યુવતીને માત્ર રૂપિયા ૧૦,૦૦૦ ના પગારમાં પણ તાત્કાલિક નોકરી મળતી નથી એટલે એને ના છૂટકે મોટા શહેરોમાં જવાનો વારો આવે છે અને અમરેલી માંથી હિજરત કરવી પડે છે. હાલની ભાજપ સરકાર પણ રાજયમાં છેલ્લા ૨૮ વર્ષ ઉપરાંતથી છે અને હાલના જે યુવાનો છે એણે એકમાત્ર સરકાર જોઈ છે અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પણ ગુજરાત મોડલે જ વડાપ્રધાનના પદ સુધી પહોંચાડેલ છે અને એ મુખ્યમંત્રી હતા ત્યારે અમરેલી પહેલી મે ગુજરાત સ્થાપના દિવસ ઉજવાયેલ અને તેઓએ રૂપિયા ૧૧૦૦ કરોડ અમરેલી માટે જાહેર કરેલ. તેના પણ કોઈ કામ અમરેલીમાં થયેલ નથી, છતાં પણ ગુજરાતનો આવો નવો નહીં એવો જૂનો ઘણા વર્ષોથી જિલ્લો થયેલ અમરેલી જીલ્લો આજ સુધી પછાત છે અને કેન્દ્ર સરકાર કે રાજય સરકાર દ્વારા અમરેલીને યેન કેન પ્રકારે પણ આગળ લાવવા અને વિકસિત કરવા માટે કોઈ તસ્દી લેવાતી હોય એવું લાગતું નથી.

હાલ જયારે અમરેલી નગરપાલિકાને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવવાની દરજ્જાની વાત ચાલે છે અને અમરેલી શહેરના લોકો માંગણી કરે છે ત્યારે આ માંગણી ખૂબ જ ઉચિત છે અને જો સરકાર દ્વારા અમરેલીને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવવામાં આવે. તો અને તો જ અમરેલીનો વિકાસ શકય બનશે એવું લાગી રહ્યું છે.

હાલમાં અમરેલી શહેર તેમજ જિલ્લાના વાસીઓ દ્વારા બુલંદ અવાજે માંગણી કરેલ શહેરમાં બ્રોડગેજ લાવવા માટે છતાં પણ આજ સુધી આ બ્રોડગેજ લાઈન ઝાંઝવાના જળ સમાન છે કયારે આવે એ હજી કાંઈ નક્કી નથી. તેમ 'આપ'નાં અગ્રણી ભાર્ગવભાઈ મહેતાએ જણાવેલ છે.

### રાજય સંયુકત કર્મચારી મોરચાનાં નેતૃત્વમાં પડતર પ્રશ્નોની માંગ સાથે

# અમરેલી જિલ્લાનાં શિક્ષકો ૧૩ ફેબ્રુઆરીએ કાળીપટ્ટી અને ૧૬ ફેબ્રુઆરીએ કાળા કપડા ધારણ કરી ફરજ બજાવશે

## ૨૩ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે ધરણા કાર્યક્રમમાં પણ શિક્ષકો જોડાશે

અમરેલી, તા. ૧૦

ગુજરાત રાજય સંયુકત કર્મચારી મોરચો અને ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો સંદર્ભે આપવામાં આવેલા આંદોલનના કાર્યક્રમોને અમરેલી જીલ્લા પ્રાથમીક શિક્ષક સંઘે ટેકો આપ્યો છે આંદોલનના સમર્થનના ભાગ રૂપે કાળા કપડા અને કાળી પટ્ટી ધારણ કરી ગાંધીનગર ખાતે ઘરણા કાર્યક્રમમાં ભાગ લેશે સમગ્ર રાજયમા બધા જ કર્મચારીઓની જુની પેન્શન યોજનામાં સમાવવા તથા ફિકસ પગાર યોજના દુર કરવા તેમજ સરકાર સાથે થયેલા સમાધાન મુજબના પ્રશ્નોનું નિરાકરણ મળ્યુ નથી જેથી રાજય સંયુકત કર્મચારી મોરચા અને રાજય કર્મચારી મહામંડળ દ્વારા સરકાર સામે બાયો ચડાવી જુની પેન્શન યોજના શરૂ કરવા અને ફિકસ પગાર યોજના જેવી કે જ્ઞાનસહાયક,ફિકસપગાર કરાર આધારીત ફિકસપે મુળ અસરથી દુર કરી પુરા પગાર માં ભરતી કરવી તથા સરકારશ્રી સાથે થયેલા સમાધાન પૈકી બાકીના પ્રશ્નો ૨૦૦૫ પહેલાના GPF અને જુની પેન્શન યોજના નો લાભ આપવો CPF માં ૧૪ % નો ફાળો ઉમેરવો વગેરે સહિતના મુદાઓને ધ્યાનમાં લઈને આંદોલનના કાર્યક્રમ જાહેર કરાયા છે તારીખ ૧૩/૦૨/૨૦૨૪ અને તારીખ ૧૫/૦૨/૨૦૨૪ ના રોજ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે.તારીખ ૨૩/૦૨/૨૦૨૪ ના રોજ ગાંધીનગર ખાતે ધરણા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે આ તમામ કાર્યક્રમમાં ભાગ લેવા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિછીયાએ તમામ તાલુકા ઘટક સંઘને જાણ કરેલ છે.

### કલોલનાં ધારાસભ્યનાં નિવેદન સામે

# વડિયામાં રઘુવંશી સમાજે રોષભેર આવેદનપત્ર પાઠવ્યું

## ધારાસભ્યએ પૂ. જલારામબાપાની માફી માંગવી જોઈએ



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડીયા, તા. ૧૦

કલોલના ધારાસભ્ય ફતેસિંહ દ્વારા જલારાબાપા વિશે કરેલ ટિપ્પણી મુદ્દે વડિયા લોહાણા સમાજમાં ભભૂકયો રોષ. આગામી દિવસોમાં કલોલના ધારાસભ્ય જલારામબાપાની માફી નહિ માંગે તો ભાજપને પરિણામ ભોગવવું પડશે.

મામલતદાર કચેરીના પટાંગણમાં રઘુવંશી સમાજે જય જલારામના નારા સાથે સુત્રોચાર કરી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું.

આ તકે વડિયા લોહાણા સમાજના પ્રમુખ રમેશભાઈ બરછા, તુષારભાઈ ગણાત્રા, જીગર સેજપાલ, મુકેશભાઈ અજાબીયા, મિતુલભાઈ ગણાત્રા, વિજયભાઈ બરછા, જગદીશભાઈ ખુનડીયા, દિનેશભાઈ તન્ના, પ્રવિણભાઈ બરછા, મનિષભાઈ ઉનડકટ, પ્રતિક હરખાણી સહિતના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને વડિયા મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપ્યું હતું. કલોલના ધારાસભ્યની ટિપ્પણી મુદ્દે જિલ્લામાં રઘુવંશી સમાજમાં રોષ વધી રહ્યો છે.

# બગસરા શરાફી મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમ ચૂકવાઇ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખાના સભાસદ તોગાભાઈ ખોડાભાઈ વાળાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, એડવાઈઝરી બોર્ડ મેમ્બર દિનેશગીરી ગોસાઈ, જનરલ સેક્રેટરી ડી.જી. મહેતા, શાખા સેક્રેટરી હેમેન્દ્ર કુમાર કટેશીયા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ.

### દીકરા રવિન્દ્રને રિવાબા સાથે ન પરણાવ્યો હોત તો સારું હતું

# રવિન્દ્ર જાડેજાના પિતાએ દીકરા અને પુત્રવધુ પર લગાવ્યા ગંભીર આરોપો

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૦

ભારતના ક્રિકેટ સ્ટાર રવિન્દ્ર જાડેજાના પિતા અનિરૂદ્ધસિંહે તેમના પુત્ર અને પુત્રવધૂ રીવાબા જાડેજા પર ગંભીર આરોપ લગાવ્યા છે. જેમાં રવિન્દ્ર અને તેની પત્નિ રિવાબા પરિવારના બાકીના સભ્યો સાથે સારા સંબંધ ધરાવતા નથી.

ભારતના ઓલરાઉન્ડર સાથે રીવાબાએ ૨૦૧૬ માં રાજકોટમાં લગ્ન કર્યા હતા. ક્રિકેટરના પિતાના જણાવ્યા અનુસાર, લગ્ન પછી વસ્તુઓ અણધારી રીતે પ્રગટ થઈ ગઈ છે કારણ કે દંપત્તિ અને બાકીના પરિવાર વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી હતી. તેણે એમ પણ કહ્યું કે હાલમાં તેના પુત્ર અને તેની પત્ની સાથે તેનો બિલકુલ સંબંધ નથી. લગ્નના બે–ત્રણ મહિના પછી જ આ સંબંધમાં ખટાશ આવવા લાગી.

વધુમાં બોલતા અનિરૂદ્ધસિંહે તેમના પુત્રના સંપર્કમાં ન હોવા અંગે નિરાશા વ્યકત કરી હતી અને તેના લગ્ન કરવા બદલ દિલગીરી પણ વ્યકત કરી હતી. એટલું જ નહીં અનિરૂદ્ધસિંહે એવી ઈચ્છા પણ વ્યકત કરી હતી કે તેમનો પુત્ર કયારેય ક્રિકેટમાં કારકિર્દી ન બનાવે. ત્યારપછી તેણે રીવાબાને નિશાન બનાવ્યા અને તેને કૌટુંબિક ઝઘડા માટે જવાબદાર ગણાવી. તે મારો પુત્ર છે અને તે મારા હૃદયને બાળી નાખે છે. લગ્નના ત્રણ મહિનાની અંદર, તેણે મને કહ્યું કે બધું તેના નામે ટ્રાન્સફર કરવું જોઈએ. તેણીએ અમારા પરિવારમાં તિરાડ ઊભી કરી. તેણી કુટુંબ ઈચ્છતી ન હતી અને સ્વતંત્ર જીવન ઈચ્છતી હતી. હું ખોટો હોઈ શકું અને નયનાબા (રવીન્દ્રની બહેન) પણ ખોટી હોઈ શકે, પણ તમે મને કહો કે અમારા પરિવારના તમામ ૫૦ સભ્યો ખોટા કેવી રીતે હોઈ શકે..? પરિવારમાં કોઈની સાથે કોઈ સંબંધ નથી, ત્યાં માત્ર નફરત છે.

હું કંઈપણ છુપાવવા માંગતો નથી. અમે પાંચ વર્ષમાં અમારી પૌત્રીનો ચહેરો પણ જોયો નથી. રવિન્દ્રના સાસરિયાઓ બધું સંભાળી લે છે. તેઓ દરેક બાબતમાં દખલ કરે છે. તેઓ હવે આનંદ માણી રહ્યા છે કારણ કે તેમની પાસે બેંક છે, જો કે આ બાબતે હવે રવિન્દ્ર જાડેજાએ ખુલાસો કરતા સોશ્યલ મીડિયા પર લખ્યું છે કે આ ઈન્ટરવ્યુમાં પ્રકાશિત તમામ વાતો અર્થહિન અને અસત્ય છે, મારા ધર્મ પત્ની ઉપર જે આક્ષેપો લગાડવામાં આવ્યાં છે તદ્દન ખોટા છે. મારી પાસે પણ ઘણી એવી વાતો છે પણ મારે એ વાતો લોકો સામે નથી કહેવી.

દરમિયાન, જાડેજા હાલમાં ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી પાંચ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં હેમસ્ટ્રિંગની ઈજાથી દૂર છે. તે બીજી ટેસ્ટ ચૂકી ગયો હતો અને ૧૫ ફેબ્રુઆરીથી રાજકોટમાં રમાનારી ત્રીજી ટેસ્ટમાં તે વાપસી કરે તેવી શકયતા છે.

# બાબરા : લોહાણા સમાજનાં પ્રમુખ તરીકે તેજસ કારીયાની વરણી



બાબરા, તા. ૧૦

બાબરામાં લોહાણા સમાજના પ્રમુખ મૂળરાજભાઈ જસાણીએ નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામુ આપતા નવ નિયુકત પ્રમુખ તરીકે શહેરના તેજસ કારીયાની લોહાણા સમાજના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જેને સમાજના લોકોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

બાબરામાં લોહાણા સમાજની બેઠક મળી હતી જેમાં આગામી નવનિયુકત પ્રમુખ તરીકે શહેરના લોહાણા સમાજના સેવાભાવી અને યુવાન તેમજ ઉત્સાહી તેજસ કારીયાની સર્વાનુમતે નિયુકત કરવામાં આવતા રઘુવંશી સમાજમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

શહેરના તમામ સમાજના અગ્રણીઓ તેમજ નાના–મોટા વેપારીઓ અને મિત્ર સર્કલ બહોળું ધરાવતાં તેજસ કારીયા પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# ચલાલા : બગસરા શરાફી મંડળી દ્વારા સહાય નિધિની રકમ ચૂકવાઇ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

ચલાલા, તા. ૧૦

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની શાખા ચલાલાના સભાસદ દિપકભાઈ બટુકભાઈ તિલકપુરિયાનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિની રકમ રૂપિયા ૨૫૦૦૦/–નો ચેક અર્પણ કરવામાં આવેલ. આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા,શાખા એમ.ડી. મહેશભાઈ વ્યાસ, ડીરેકટર નરેન્દ્રપૂરી ગોસાઈ, જયોતિકાબેન રાવલ, એડવાઈઝરી બોર્ડ મેમ્બર, હિમ્મતભાઈ દોંગા, ઉમેદભાઈ બસિયા, શાખા સેક્રેટરી ભરતભાઈ ડોડીયા સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ.

# સાવરકુંડલા : સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ફિલ્ટર પ્લાન્ટનું ધારાસભ્ય કસવાલાએ કર્યુ ખાતમુહૂર્ત



તસ્વીર : પ્રતાપભાઈ ખુમાણ–સાવરકુંડલા

સાવરકુંડલા, તા. ૧૦

લોકોના આરોગ્યની સુખાકારી અને જીવન જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે સાવરકુંડલા ખાતે ૨૫ કરોડના ખર્ચે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ધારાસભ્ય મહેશ કસવાલાના વરદહસ્તે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું ને સાથે સાથે ૫ કરોડના ખર્ચે ફિલ્ટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું હાથસણી રોડ ખાતે ધારાસભ્ય કસવાળાએ ખાત મુહર્ત કર્યું હતું. ફૂલ ૩૦ કરોડની વિવિધ પાણીલક્ષી યોજનાઓ સાવરકુંડલા વાસીઓ માટે નગરપાલિકા દ્વારા સાકાર થવાના અભિગમનો ધારાસભ્ય કસવાલાએ કરીને સાવરકુંડલા શહેરની મધયમાંથી નીકળતી નાવલી નદી પર રિવરફ્રન્ટ અને ફરી નાવલી નદી ખળ ખળ વહેતી થાય તેવા અભિગમ સાથે ધારાસભ્ય કસવાળાએ આજે ૨૦૧૪ માં સાકાર પામેલી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પૂર્વમંત્રી જયંતીભાઈ કવાડિયાએ કર્યું બાદ ફરી વધુ આધુનિક આજના યુગને અનુરૂપ ૨૫ કરોડના ખર્ચે સુએજ ટ્રીટમેંન્ટ પ્લાન્ટ મારફતે ગટરના ગંદા પાણીનું શુદ્ધિકરણ થાયને લોકોને આરોગ્યને અનુલક્ષીને ફિલ્ટર પ્લાન્ટ હાથસણી રોડ ખાતે વિશાળ ગ્રાઉન્ડમાં ૫ કરોડના ખર્ચે તૈયાર કરવાના ખાતમુહુર્ત પ્રસંગે ભાજપના નેતાઓની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી, કારોબારી ચેરમેન અશોક ચૌહાણ સહિતના પાલિકાના ચૂંટાયેલા તમામ સદસ્યો સાથે પાલિકાના અધિકારીઓએ ૩૦ કરોડની યોજના થકી શહેરીજનોની સુવિધાઓમાં વધારો થવાનો હર્ષ વ્યકત કર્યો હતો.

# ભુરખીયાધામમાં પીજીવીસીએલના નાયબ ઈજનેર કાલાણી દ્વારા સુંદર કામગીરી




પવિત્ર યાત્રાધામ ભુરખીયામાં યાત્રાળુ સતત આવતા હોય તેમજ હનુમાન જયંતિ ઉપર શ્રધ્ધાળુંની ભીડ થતી હોય છે. જેને લઈને પીલીગ્રીમ્સ રીલીઝીયસ સ્કીમ હેઠળ સલામતીના ભાગ રૂપે સમગ્ર ભુરખીયા ગામમાં ૧૧ કેવી લાઈનના ખુલ્લા વીજ વાયરો કાઢીને અન્ડર ગ્રાઉન્ડ કેબલ નાખવાની કામગીરી કરવામાં આવેલ છે અને મંદિરની સુંદરતામાં વધારો થયેલ છે. તથા રસ્તા ઉપર ટ્રાફિકની સમસ્યા ના થાય તે માટે રસ્તા ઉપર આવેલ વીજપોલ અને ટ્રાન્સફોર્મર રસ્તા ઉપરથી દુર કરવામાં આવેલ છે. મંદિર ઉપરાંત ગામમાં ઢીલા પડેલા વીજ કેબલો ટાઈટ કરવામાં આવેલ છે. રસ્તા વચ્ચે અકસ્માત થઈ શકે તેવા વીજ પોલને દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. ગામમાં બે જ ટ્રાન્સફોર્મર એક જ જગ્યા હોય તેમાંથી આખા ગામમાં વીજપુરવઠો મળતો હોય ટ્રાન્સફોર્મરની જગ્યા બદલાવી નવું ટ્રાન્સફોર્મર ઉભું કરીને વર્ષો જુનો લો વોલ્ટેજની સમસ્યા દુર કરી આપવામાં આવેલ છે સલામતીના ભાગ રૂપે લાઠી દામનગર હાઈવે ઉપરથી વાયરો દુર કરવામાં આવલે છે. આ કામગીરીમાં અમરેલી પીજીવીસીએલના નાયબ ઈજનેર કાલાણી સતત સ્થળ ઉપર હાજર રહીને સમગ્ર કામગીરીને પૂર્ણ કરાવેલ છે. ગ્રામજનોમાં ખુશી થયેલ છે. આ તકે ભુરખીયા મંદિર ટ્રસ્ટ દ્વારા અને ગ્રામજનો દ્વારા નાયબ ઈજનેરનો આભાર માનવામાં આવેલ છે.

## સમગ્ર મામલો ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ સુધી પહોંચ્યો

# ધારીનાં મોણવેલ ખાતેનાં સોલાર પાર્કમાં અનિયમિતતા

**વન્ય પ્રાણીઓની અવરજવર, વન્ય વૃક્ષોની જાળવણી સહિતની સુરક્ષા માટે ગૌપાલક, પર્યાવરણ ટ્રસ્ટે ફરિયાદ કરેલ**

**સમગ્ર મામલો અતિ ગંભીર હોય વન અધિકારી અને મહેસુલ અધિકારીને પણ ઉપસ્થિત રહેવું પડશે**

**નાણા કમાવવાની લાલચમાં નિયમો અને જાહેરનામાનો ભંગ થતો હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહ્યું છે**

**૨૦ જાન્યુઆરી બાદ આગામી સુનાવણી ૯ ફેબ્રુઆરીનાં રોજ હોવાનું જાણવા મળેલ છે**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાનાં બાબરા, લાઠી, સાવરકુંડલા વિસ્તારમાં પર્યાવર, જાહેર સંપત્તિની ઘોર ખોદીને નિયમ વિરૂધ્ધ ધડાધડ ઉભી કરાતી પવનચકકીઓ વિરૂધ્ધ ફરિયાદો વધી રહી છે. તેવા સમયે ધારીનાં મોણવેલ ગામે શરૂ થયેલ સોલાર પાર્કનાં સંચાલકોએ પણ વન્ય પ્રાણીઓ અને વન્ય વૃક્ષોની સુરક્ષા નેવે મુકી દીધાની ફરિયાદ રાજય માનવ અધિકાર આયોગ સુધી પહોંચી છે.

અમરેલીનાં સરંભડા ગામનાં ગૌપાલક, પર્યાવરણ ટ્રસ્ટે રાજય માનવ અધિકાર આયોગમાં મોણવેલ ગામે ધારી સોલાર પાર્ક પ્રા.લી. ધ્વારા સોલાર વિદ્યુત ઉત્પાદનમાં થતી ગેરરીતિ બાબતે ફરિયાદ કરાતાં ૨૦ જાન્યુઆરીનાં રોજ નાયબ વન સંરક્ષક વિભાગનાં આર.એન. ઝાલા અને સર્વેઅર એમ.બી. મોકરીયા તથા અરજદાર સંસ્થાવતી રજનીભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને જરૂરી સુનાવણી કરવામાં આવી હતી.

બાદમાં આયોગે ગેરરીતિ પ્રાથમિક દ્રષ્ટિએ જણાવી હોય આગામી સુનાવણી ૯ ફેબ્રુઆરીનાં રોજ રાખવામાં આવેલ છે. જેમાં અમરેલીનાં કલેકટરને મંજૂરી અંગેની શરતો, આધારો અને પુરાવાઓ સાથેનાં અહેવાલ સહ હાજર રહેવા તથા અગ્ર મુખ્ય વન સંરક્ષક તરફથી અધિકૃત અધિકારીને હાજર રહેવા સમન્સ કાઢવા સુચના આપવામાં આવી છે.

## લોહાણા મહાજનનાં ટ્રસ્ટી ઘનશ્યામ મશરૂની ચીમકી

# સાવરકુંડલા : ભાજપનાં ધારાસભ્ય વીરપુરધામ પહોંચીને માફી ન માંગે તો એફઆઈઆર કરાશે

**કહેવાતી હિન્દુવાદી સરકારનાં પેટનું પાણી હલતુ નથી**

**(પ્રતાપ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૦

ઘનશ્યામ મશરૂ, લોહાણા મહાજન ટ્રસ્ટી,સાવરકુંડલા એક લેખીત નિવેદનમા જણાવે છે કે, કલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના ખોટા બફાટ નિવેદનથી ગુજરાતના નહીં પરંતુ વિશ્વના સંત શ્રી જલારામ બાપાના ભકતજનોની લાગણીને ઠેસ પહોંચી છે અને એ પણ એવા સંત શ્રી જેને અઢારેય વર્ણ માને છે એવા શ્રી જલારામ બાપા જેના વીરપુરમાં એક પણ રૂપિયાનો દાન ધર્માદો લેવામાં આવતો નથી. દાન પેટી પણ નથી એવા બાપાના વિશે જયારે બફાટ કર્યો છે ત્યારે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ એ



ખરેખર દિલથી જલારામ બાપાના વીરપુર પવિત્ર ધામમાં આવી બાપાની સમક્ષ જ માફી માગવી જોઈએ સાફા પર બેસીને માફી ન મંગાય અને હિન્દુત્વ પ્રમાણે હાથ જોડીને બાપા ના ચરણોમા માફી મંગાય પણ આ ધારાસભ્ય ખાલી માફી નો ડોળ જ કરે છે આટલા આવેદનપત્રો આપ્યા પરંતુ કહેવાતી હિન્દુવાદી સરકારના પેટનું પાણી જો ના હલતું હોય તો હવે અમને બીજો કોઈ વિકલ્પ ના દેખાતા તારીખ ૨૫/૨/૨૦૨૪ આસપાસ અમે તેમની વિરૂદ્ધ એફઆરઆઈ દાખલ કરાવીશું અને એફઆરઆઈ કર્યા પછી સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં નહી આવે તો તારીખ ૨૮/૨/૨૪ થી સરકારની મંજૂરી સાથે અનશન કરીશું. ત્યારબાદ પડનારા પડઘાઓ ના જવાબદાર માત્ર ફતેસિંહ ચૌહાણ જ રહેશે.

## સમગ્ર પ્રકરણ રહસ્યમય કોયડા તરફ જઈ રહ્યું છે

# સાવરકુંડલા : દુષ્કર્મ કેસનાં આરોપી હવામાં ઓગળી ગયા કે શું થયું ?

**પોલીસતંત્ર આરોપી પકડશે કે પછી બધુ રફેદફે થશે?**


**(પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા દ્વારા)**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલામાં એક આશ્રમમાં સાધ્વી ઉપર થયેલા જાતિય હુમલાના કેસને ઘણો સમય થયો છતાં હજી સુધી આરોપી પકડની બહાર છે ઘણા શકબંધોને પકડવામાં આવ્યા અને ઈન્ટ્રોગેશન પણ કરવામાં આવ્યા પરંતુ ખરો આરોપી હજી પકડી શકાયો નથી. સીસીટીવી ફૂટેજ પણ સામે આવેલા છે અને વર્તમાન સમયમાં અદ્યતન સર્વેલાન્સ ટેકનોલોજી ઉપલબ્ધ છે ત્યારે તંત્રની ઈચ્છા શકિત હોય તો ગમે તેવો ગુન્હેગાર છટકી શકે જ નહીં. ત્યારે આ સમગ્ર પ્રકરણ બાબતે એક પીઢ અનુભવી અને અમરેલી જિલ્લામાં અગાઉ ફરજ બજાવી ચૂકેલા પૂર્વ પોલીસ અધિકારીના આંકલન મુજબ આ પ્રકરણ કયારે ઉકેલાશે જ નહીં અને એક રહસ્યમય કોયડો જ બની રહેશે..!!

હવે આ અનુભવી ઓફિસર સાચા પડશે કે તંત્ર આને પડકાર સમજી પાતાળમાંથી પણ અસલી ગુન્હેગારને શોધી, જેલના સળિયા પાછળ ધકેલવામાં સફળ થશે...?!! એ તો આવનારો સમય જ બતાવશે.

# જાળીયા પ્રાથમિક શાળામાં આકાશ સેવા સેતુ દ્વારા બાળવાર્તા સ્પર્ધા યોજાઈ



અમરેલી, તા. ૧૦

જાળીયા પ્રાથમિક શાળામાં આકાશ સેવાસેતુ અમરેલી દારા બાળ વાર્તા સ્પર્ધાનું આયોજન કરાયું જેમાં ૧૩ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ભાગ લીધેલ. આ પ્રસંગે એન.ડી.એસ ના પ્રણેતા ચૌહાણ ભાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલ. .લોકસાહિત્ય સેતુના પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીનું આકાશસેવાસેતુ દ્રારા શાલ ઓઢાડી સન્માન કરવમાં આવ્યું. પ્રથમ,દ્રિતિય તથા તૃતિયને વિજેતાને સંસ્થા દ્રારા ઈનામો અપાયા. દરેક ભાગ લેનારને પણ ઈનામો અપાયા. વિદ્યાર્થીઓએ આરોગ્ય સાચવવા કયો ખોરાક લેવો. .તદુરસ્ત રહેવા શું શું કરવું તેની ૩ રીત સરળ રીતે સમજાવી. .અરવિંદભાઈ દવે એ આચાર્ય શ્રી આશિષભાઈ મહેતા તથા સર્વ શિક્ષકો નો આભાર માન્યો..શ્રી રામાયણ વાર્તા કહેનારને ખાસ બિરદાવી ઈનામ આપી ભગવાન શ્રી રામને વંદન કર્યા. ચૌહાણ દંપતી દારા રોકડ પુરસ્કાર આપ્યા. સાવરકુંડલાથી જગૃતભાઈ દવે પણ ઉપસ્થિત રહેલ.

## નાયબ દંડક વેકરિયા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં હસ્તે

# અમરેલી શહેરમાં રૂપિયા ૭.૫૧ કરોડનાં ખર્ચે થનારા વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું

**આગામી બે વર્ષમાં શહેરને ડસ્ટ ફ્રી બનાવવામાં આવશે**





અમરેલી, તા. ૧૦

રાજય સરકારના વિકાસ કાર્યોની શ્રૃંખલાના ભાગરૂપે ભાજપ શાષિત અમરેલી નગરમાં વણથંભી વિકાસ યાત્રામાં આજે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે અમરેલી નગરપાલિકાના રૂા. ૭.૫૧ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમરેલી શહેરના વિવિધ વિસ્તારમાં આર.સી.સી. રોડ સહિતના વિકાસકાર્યોનો શુભારંભ મહાનુભાવોએ શહેરના હનુમાનપરા વિસ્તારની રણુજાધામ સોસાયટી ખાતેથી કરાવ્યો હતો. આ યોજના અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં સિમેન્ટ કોન્ક્રીટ રોડ વીથ ટ્રીમીકસ, વિઅરીંગ કોટ રોડ અને સાઈડ પેવીંગ બ્લોક નાખવામાં આવશે.

આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, લાંબા સમયથી આ વિસ્તારોમાં આ કામની જરૂરિયાત હતી, રહીશોની માંગણી હતી તેને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા આ વિકાસ કાર્યો મંજૂર કરવામાં આવ્યા છે. અમરેલી નગરપાલિકાના માધ્યમથી વિવિધ વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. આગામી બે વર્ષમાં નગરપાલિકા વિસ્તારને ડસ્ટ ફ્રી બનાવવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શહેરના વિવિધ વિકાસકાર્યોની વિગતો આપતા તેમણે ઉમેર્યુ કે, રાજય સરકારે અમરેલીના વિકાસ માટે અનેક કામો મંજૂર કર્યા છે. રાજમહેલના રિ–ડેવલપમેન્ટ માટે રૂા. ૨૭ કરોડ મંજૂર થયા છે. આ સાથે કેરીયા રોડ તળાવના વિકાસકાર્યો માટે પણ રૂા. ૪ કરોડની જોગવાઈ કરવામાં આવશે. આગામી સમયમાં અમરેલી શહેરમાં કામનાથ ડેમથી ઠેબી રિવર ફ્રન્ટ, સાયન્સ સેન્ટર સહિતના પ્રકલ્પો નિર્માણ પામશે.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, ઉપ પ્રમુખ પ્રતિનિધિ વિશાલ કાલેણા, કારોબારી ચેરમેન મનીષ ધરજીયા, અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલ ધોરાજીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશ માંગરોળિયા, તાલુકા પંચાયતના ધીરૂભાઈ વાળા, નગરપાલિકાના સદસ્યો સુરેશભાઈ શેખવા, ચિરાગ ચાવડા, દિલાભાઈ વાળા, સંદીપ માંગરોળિયા, ગિરીશ ત્રાપાસિયા, હરી કાબરીયા, વિશાલ ઠાકર, દિપક બાંભરોલિયા, નરેશભાઈ મહેતા, અરૂણાબેન બાંભણીયા, હરેશભાઈ ચાવડા, સ્થાનિક અગ્રણીઓ ભગીરથ ત્રિવેદી, કાર્યકર્તાઓ અને સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















**પ્રકરણ–૧૭૧**

**'ચોધવી કા ચાંદ .હો.યા .આફતાબ હો..જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો ... મેરા યાર બના હૈ દુલ્હા .ઔર ફૂલ ખીલે હૈ દિલ મે ..મેરી ભી શાદી કરવા દો**

**પ્રિય વાચક મિત્રો ,**

ગુરૂદત એટ્લે હિન્દી સિનેમાના અભિનયનો એક અધ્યાય.. જી હા.. આજેપણ કોઈ વિદ્યાર્થી સિનેમાને લગતો અભ્યાસ કરે એટલે ગુરૂદત અને ફિલ્મ 'કાગઝ કે ફૂલ' વિષે એક ચેપ્ટર આવે છે, આવી પોતાની જ કહાની. પોતાના જીવનનો અંત પણ કેમ આવશે તેવું ચિત્રિકરણ જે આજ સુધી કોઈ નિર્માતા, નિર્દેશક કરી શક્યા નથી, તેવી હિન્દી સિનેમાની પ્રથમ સિનેમા સ્કોપફિલ્મ 'કાગઝ કે ફૂલ' ગુરૂદતે બનાવી હતી, જેમાં તેના મનની વ્યથા તેણે રજૂ કરી, ફિલ્મ સિનેમા સ્કોપમાં બનાવી ભરપૂર ખર્ચ કર્યો પણ ફિલ્મ નિષ્ફળ રહી, ગુરૂદતના નિધન બાદ આ ફિલ્મ વિવેચકો અને દર્શકોને સમજાઈ કે એક કલાકાર કયારેક તેના હૃદયની વેદના પણ ફિલ્મમાં રજૂ કરી શકતા હોય છે, ફિલ્મને સિનેમાના અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું. પણ ગુરૂદત આર્થિક રીતે ટૂટી ગયા. માનસિક રીતે માત્ર વહિદા તેમનો કેહવા પૂરતો સાથ આપી રહ્યા હતા, કાગઝ કે ફૂલ ની નિષ્ફળતા બાદ ગુરૂદતે કોઈપણ ફિલ્મનું નિર્દેશન ના કર્યુ, ૧૯૫૯ ની નુકશાની ૧૯૬૦ માં ભરપાઈ થઈ




ગઈ. ચોધવી કા ચાંદ–સંપૂર્ણ મુસ્લિમ પરિવાર પર આધારિત આ ફિલ્મ ગુરૂદતના નિર્માણમાં બની. મુસ્લિમ સમાજમાં ચૌદશના ચાંદનું મહત્વ વધુ હોય છે, અને ચૌદશ અને પુનમના ચાંદ માટે આજેપણ આપણે કોઈપણ સુંદર સ્ત્રીની સરખામણી કરીયે છીએ, આવી દોસ્તી અને પ્રણય ત્રિકોણ પર આધારિત ફિલ્મનું નિર્દેશન, મોહમ્મદ સાદીકે કર્યું છે, તબિશ સુલતાનપુરીની કહાની શકીલ બદાયુની કલમના ગીતો, રવિનું સંગીત અને રફીસાહેબ, લતાજી, આશા જી, શમસાદ બેગમના સ્વરમાં દસ ગીતોથી સજેલ આ ફિલ્મ ૧૯૬૦ ના વર્ષની ચોથા નંબરની સફળ ફિલ્મ સાબિત થઈ, શકીલ બદાયુની, ને ગીત ચોધવી કા ચાંદ હો, માટે લેખનનો અને રફીસાહેબને સ્વરનો ફિલ્મફેર એવાર્ડ મળ્યો, કળા નિર્દેશક વિરેન નાગને પણ એવાર્ડ મળ્યો. ફિલ્મમાં ગુરૂદત, વહિદા રેહમાન, રેહમાન, મીનું મુમતાઝ, ટૂન ટૂન, નાની ભૂમિકામાં બેબી ફરિદા જલાલ, મુમતાઝ બેગમ અને જહોની વોકરએ અભિનય આપેલ હતો.ફિલ્મ ની કથા ટૂંક માં જોઈએ તો, રેહમાન, ગુરૂદત અને જહોની મિત્રો છે, રેહમાને ગુરૂદત પર ઘણા અહેસાન કરેલ છે, આર્થિક અને માનસિક રીતે મજબૂત બનાવ્યો છે, કાગઝ કે ફૂલની નિષ્ફળતા બાદ વાસ્તવિક રૂપે પણ રેહમાન ગુરૂદતની સાથે રહી તેમનું માનસિક મનોબળ વધારતા

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**

હતા , અહી આ ફિલ્મ માં ગુરૂદત તેમનો એક સંવાદ દ્વારા આભાર માને છે, રેહમાનની મુલાકાત વહિદા સાથે થાય છે, એક તો ૧૯૬૦ નો સમય અને ત્યારે બે યુવા દિલ જાહેરમાં મળી શકતા ના હતા, તો માત્ર એક વાર તેઓ વહિદાને જુવે છે, પણ તે કોણ છે ? તે જાણતા નથી અને તેના એક તરફી પ્રેમ માં પાગલ થઈ જાય છે, રેહમાન તેની માતા ને હજ કરવા મોકલવા માંગે છે, તમામ તૈયારી થઈ ગઈ છે, પણ તેમની તબિયત સારી ના રેહતા ડોકટર તેમને હજ માટે રજા આપતા નથી, હવે મેલવી સાહેબ તેના બદલે હજ કરવા જવાના છે, પણ તેની પુત્રીના લગ્ન બાકી છે, તો તે રેહમાનની માતા મુમતાઝને રેહમાન સાથે શાદી કરાવી દેવાનું કહે છે, રેહમાન વહિદાને ચાહે છે, અને તેને શોધી તેની સાથે શાદી કરવા માંગે છે, તો મેલવી અને તેની માતાને સમજાવી મેલવીની પુત્રીના લગ્ન ગુરૂદત સાથે કરાવી આપે છે, ગુરૂદત રેહમાનના અહેસાનોથી દબાયેલ છે, તો શાદી માટે હા કહી દે છે, પણ રેહમાનને એ ખબર નથી કે તે જે યુવતીની તલાશ કરી રહ્યા છે, તે વહિદા જ મેલવીની પુત્રી છે, ગુરૂદત અને વહિદાની શાદી થઈ જાય છે. બીજી તરફ રેહમાન જહોની અને ગુરૂદતની સહાય મેળવી તેને ગમતી યુવતી ને શોધી રહ્યો છે, તેમાં ગુરૂદત ની બહેન અને વહિદા સાથે બહાર નીકળ છે, રેહમાન ગુરૂદતને તે યુવતી તેના ઘરમાં છે, તે કહે છે, અને રેહમાનની શાદી તેની બહેન સાથે નક્કી કરી દે છે. પણ જયારે તેને માલૂમ થાય છે કે રેહમાન જેને ચાહે છે તે વહિદા છે તો બન્નેના રસ્તામાથી દૂર થવા માટે તે તવાયફને ત્યાં અને શરાબના સહારે ચડી જાય છે, રેહમાન અને ગુરૂદતની બહેનની શાદી નજીક આવી જાય છે, રેહમાનને પણ સચ્ચાઈની ખબર પડે છે, અને તે અને ગુરૂદત વચ્ચે દોસ્તી માટેના ત્યાગ જેમાં પોતાનું જીવન છે, ના પ્રયત્નોમાં રેહમાન પોતાનો જીવ આપી દે છે, અને ગુરૂદત પાસે વચન લે છે કે કોઈને પણ ત્યાં સુધી કે વહિદાને પણ સાચું શું હતું ? તેનો ખ્યાલ આવવો ના જોઈએ. આવી




દોસ્તી અને પ્રેમની કહાની દર્શકોને પસંદ પડી. ફિલ્મના ગીતો આજેપણ લોકપ્રિય ગીતોની યાદીમાં છે, આ વર્ષ કવ્વાલીનું વર્ષ હતું અને આ ફિલ્મમાં પણ એક કવ્વાલીનો સમાવેશ થયેલ છે, શરમાં કે યુ પરદા નશી ... તો રફી સાહેબના સ્વરમાં ' યે લખનો કી સરજમી ' અને મિલી ખાક મે મુહાબત તો મેરા યાર બના હૈ દુલ્હા,ઔર ફૂલ ખીલે હૈ દિલ કે , લતાજીના સ્વરમાં ' બદલે બદલે મેરે સરકાર નજહર આ રહે હૈ' જેવા ગીતો આજેપણ લોકપ્રિય અને યાદગાર ગીતોની યાદીમાં છે. આ ફિલ્મ બાદ ગુરૂદતને ફિલ્મ 'કાગઝ કે ફૂલ' ની નિષ્ફળતા બાદ થયેલ ખોટ અને તેની માનસિક સ્થિતિની સાથે આર્થિક સ્તિથીને સદ્ધર લાવી શકયા હતા, પણ ગુરૂદતની માનસિક પરિસ્થિતી તો એક પ્રેમ ઝાલમાં ફસાયેલી જ રહી હતી, પત્ની અને પ્રેમિકા અને સાથે બાળકોના વિરહમાં તેઓ જીવી જીવી મરી રહ્યા હતા, પણ વહિદાએ તેમનો સાથ છોડયો ના હતો, હજુ એક સુપર હિટ ફિલ્મ તેમની આવવાની બાકી છે, જે ગુરૂદતની યાદગાર ફિલ્મોમાં સમાવિષ્ટ છે.આપણે ગત અંકમાં અશોક કુમાર અને રાજેન્દ્ર કુમારની સુપર હિટ ફિલ્મ 'કાનૂન' ની વાત કરી, અશોક કુમારની તે ઉપરાંત ચાર ફિલ્મો આવી હતી. કલ્પના– આર કે રહનના નિર્દેશનમાં, અને અશોક કુમારના નિર્માણમાં, બિમલ રોયની એડિટિંગ અને હસરત જઈપૂરી, કમર જલાલા બાદી, રાજા મહેંદી અલી ખાન, અને જાની સાર અખ્તરના ગીતો, આ પી નૈયરના સંગીત અને આશા જી, રફી સાહેબ, સુધા મલ્હોત્રા, મન્ના ડે, ના સ્વર સાથે અશોક કુમાર, પદ્મિની, રાગિની, અચલા સચદેવ, બેબી ફરિદા, સુંદર અને ઈફતેખરથી અભિનીત આ ફિલ્મ સફળ રહી ના હતી, ફિલ્મ એક પ્રણય ત્રિકોણ પર આધારિત હતી, જેમાં અશોકની પત્ની એક માસૂમ પુત્રીને છોડી આ દુનિયાથી વિદાય લઈ લે છે, અશોક પદ્મિનીના સંપર્ક માં આવે છે, બન્ને વચ્ચે પ્રણય થાય છે, પણ તેઓ અલગ થઈ જાય છે, અશોક રાગિનીના સંપર્કમાં આવે છે, તેની માતા અશોકના લગ્ન તેની સાથે કરવા માંગે છે, પણ અંતે સાચા પ્રેમી એક થાય છે.કાલા આદમી– અશોક કુમાર અને શ્યામા અને જહોની વોકરથી અભિનીત આ ફિલ્મ સફળ રહી ના હતી.આંચલ – વસંત જોગલેકરના નિર્દેશનમાં , અને સી રામ ચંદ્રના મધુર સંગીત સાથે, અશોક કુમાર,નિરૂપા રોય, નંદા, સુદેશ કુમાર, ઓમ પ્રકાશ, લલિતા પવાર, ધુમાલ, મધુકર અપ્ટે, ચિત્રા, ઈફતેખાર, માંઅનવર, બેબી ચંદ્રા, મધુ અપ્ટેથી અભિનીત આ ફિલ્મ એવરજ સફળ રહી હતી, ફિલ્મ એક પારિવારીક કહાની લઈ આવી હતી, આ ફિલ્મ માટે અભિનેત્રી નંદાને બેસ્ટ સુપોર્ટિંગ એક્ટ્રેસનો ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયો હતો, ફિલ્મના ગીતો, આશા જી, મહેન્દ્ર કપૂર, અને સુમન કલ્યાણ પૂરના સ્વરમાં હતા, અશોક કુમારની સાથે બાળ કલાકારોથી બનેલ ફિલ્મ માસૂમ જે સફળ રહી હતી, તેની વાત આગામી અંકમાં કરીશું. કાનૂન ફિલ્મમાં રાજેન્દ્ર કુમાર પણ હતા, રાજેન્દ્રની બે ફિલ્મો બીજી પણ આવી હતી, માં બાપ–વી એન વ્યાસના નિર્દેશનમાં, રાજેન્દ્ર કુમાર, કામિની કેસલ, અનવર હુસેન, લીલા ચિટનીસ, સુંદર, અને પ્રાણથી અભિનીત આ ફિલ્મ એવરેજ સફળ રહી હતી. ફિલ્મનું ગીત 'લે લો દુવાએ માં બાપ કી' રફી સાહેબના રેર સોંગમાં સામિલ છે.પતંગ–હરગોવિંદ દુગગલના નિર્દેશનમાં, માલા સિંહા, રાજેન્દ્ર કુમાર, ઉલહાસ, રાજ મેહરાં, અચલા સચદેવ, રણધીર, ઓમ પ્રકાશથી અભિનીત આ ફિલ્મ સફળ રહી ના હતી. ફિલ્મ બ્લૂ ઓરવો કલરમાં બની હતી, ફિલ્મનું ગીત મુકેશ જીના સ્વરમાં 'તેરી શોખ નઝર ક ઈશારા' મુકેશ જી ના યાદગાર ગીતો પૈકી એક છે. આગામી અંકમાં અશોક કુમાર અને દેવ સાહેબની ફિલ્મો સાથે મળીશું. આભાર .હિતેશ જોશી.

# અસ્વસ્થ જીવનશૈલી (Life Style Deases)–ભાગ–૪૫

**કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા – જાડાપણું (OBESITY) ભાગ–૯**

વજન ઘટાડવા લોકો જાત જાતનાં પ્રયોગો કરે છે.કોઈ એક ટાઈમ જમે,કોઈ ખાલી કાચુ ખાય,કોઈ ,ઘઉ(લોટ) બંધ કરી દે,કોઈ અઠવાડીયામાં બે–ત્રણ દિવસ નકોરડા ઉપવાસ કરે આ બધા પ્રયોગો કરવાથી શરૂઆતમાં કદાચ વોટર લેવલ ડાઉન થવાથી વજન ઘટી જાય,પણ જ્યારે પાછા મુળ ખોરાક પર આવો એટલે હતા ત્યાં ને ત્યા.વજન ઘટાડવા જરૂર છે તમે રોજ જે ખોરાક લો છો તેમા ફેરફાર કરવાની અને એ ખોરાકને જ કાયમ વળગી રહેવાની તો અને તો જ વજન નિયમીત રીતે ઘટશે અને ઘટેલુ વજન ફરી વધશે નહિં,આવતા બે સપ્તાહ આપણે વજન ઘટાડવા ખોરાક માં શું ફેરફાર કરવો તેની ચર્ચા કરવાના છીએ.

**વજન ઘટાડવા માટે ખોરાક અંગેની ટીપ્સ**

(૧)ખોરાકમાંથી ચરબી




ઘટાડવી : ભોજનમાં ભાખરી,થેપલા,પુરી,પરાઠાને બદલે મોણ નાંખ્યા વગરની રોટલી કે રોટલા વાપરવા,શાક–દાળ ને તેલમા સાંતળ વાને બદલે પહેલા કુકરમાં બાફીને પછી હળવો વઘાર કરવો.ફરસાણ તરીકે મુઠીયા,ઢોકળા,ઈડલી,હાંડવો,પાત્રા વગેરે વસ્તુઓ ઘી–તેલ નાંખ્યા વગર વાપરવી , ઘી–તેલથી તરબોળ બિરીયાની કે ફ્રાઈડ રાઈસ ને બદલે સાદા ભાત કે વઘાર્યા વગરનો વેજીટેબલ પુલાવ કે ફોતરાવાળી દાળ ની ખીચડી ખાવાનો આગ્રહ રાખવો,કોઈ વસ્તુમાં ઉપરથી ઘી–તેલ ન લેવુ.ખાખરા ઘી–તેલ વગરના જ બનાવવા અને ચોપડયા વગરના ખાવા.કડક પુરીની અવેજીમાં ખાખરો અને સેવની અવેજીમાં ચણાના લોટનો ખાખરો વાપરીને ભેળ બનાવી શકાય.ટુંકમા સ્વાદિષ્ટ અને છતા ઓછી ચરબી અને ઓછી કેલેરી વાળ ી વાનગીઓ વાપરવી જેથી એ ટેવ લાંબો સમય ટકે.

(૨)કોલ્ડ્રીકસ કે ખાંડ નાખેલા શરબત પીવાનું છોડી દો : જયારે કોલ્ડ્રીકસ કે ખાંડ નાખેલા શરબત પીવામાં આવે છે ત્યારે એમા રહેલી કેલેરીની પેટમાં નોંધ જ નથી લેવાતી.આવા પીણાથી પેટ ભરાતુ નથી પણ બીન જરૂરી કેલેરી શરીરમાં જાય છે.શહેરી લોકોને કોલ્ડ્રીકસ પીવાના રવાડે ચડાવી દેનારી કંપનીઓ મેદવૃધ્ધિ ઓછી કરવાના વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રયાસો નિષ્ફળ બનાવવા માટે જબરજસ્ત પ્રયત્નો કરી રહી છે.કોલ્ડ્રીકસ કે ખાંડ નાખેલા સરબતને બદલે બીજા હેલ્થી પીણા પી શકાય જેમા એક ગ્લાસ પાણીમાં લીબુ + આદુ નો રસ +

## વજન ઘટાડવા શું કરવું



**ડો. ભાવેશ કે. મહેતા**

**અમરેલી**

ફોદીનો + તીખા નાખી સરબત બનાવી શકાય,બીલાનુ સરબત ગોળ નાખી પી શકાય,તાજી છાશ કે નાળ ીયર પાણી પી શકાય,હાલના કોરોના ના વાતાવરણમાં હર્બલ ટી જેમાં એક કપ પાણી માં એક ચમચી સુંઠ,મરી,તજ નો પાવડર+૧૦ કાળ ી દ્રાક્ષ + ૫ ગ્રામ દેશી ગોળ મેળવી તેને ગરમ કરી તેમાં એક ચમચી ફોદીનો અને એક ચમચી લીબુ નો રસ ઉમેરી પીવો અને મહેમાન ને પણ આ જ આપો.

(૩)તળેલું ખાવાને બદલે ફળ ખાવ : ઘણા લોકો કેળા જેવા ફળ ેમાં વધુ કેલેરી આવે અને એ ખાવાથી વજન વધે એવી બીકે એ ખાવાનું ટાળ ે છે.હકીકતમાં કોઈ પણ તળેલા નાસ્તા કરતા ફળ ખાવા વધુ હિતાવત છે.તાજા ફળોનો મુખ્ય ફાયદો એ છે કે એમા ચરબીનું પ્રમાણ નહિવત હોય છે અને રેસા,વિટામીન અને રોગો સામે રક્ષણ આપતા એન્ટિઓક્સિડન્ટનું પ્રમાણ વધુ હોય છે.ફળોના રસ(જયુસ)ને બદલે આખા ફળ જ ખાવા જેથી ખાવાનો સંતોષ થાય અને વધુ પડતી કેલરી પેટમાં ન જાય.**(૪)કચુંબર છુટથી ખાવું** :કાકડી,ટમેટા,ગાજર,મુળ ા,પાલક–કોથમીર જેવી ભાજીઓ,મોગરી,કાંદા,બીટ વગેરે કાચા શાકભાજીનુ કચુંબર બનાવીને રોજ દરેક ટંકે બીજો કોઈ પણ ખોરાક ખાતા પહેલાં એક મોટી દીશ કે કટોરી ભરીને કચુંબર ખાવું જોઈએ.આ રીતે લગભગ અડધુ પેટ કચુંબર ખાઈને ભરવું જોઈએ.જેથી ખાસ કેલરી મેળ વ્યા વગર ખાધાનો સંતાષ થાય અને વધુ કેલરી ધરાવતા અન્ય ખોરાકનું પ્રમાણ આપોઆપ ઘટી જાય.જે લોકોને ચાવવાની તકલીફ હોય તે આ બધી વસ્તુઓ બાફીને ખાઈ શકે.

**(૫)ખોરાકનાં નાના ટુકડા,નાની રોટલી,વાટકા,ચમચી વગેરે વાપરો**



: ઘણા લોકો ગણતરીની રોટલી–રોટલા કે દાળભાત ખાતા હોય છે.જો રોટલી–રોટલાનું કદ નાનું કરી નાખવામાં આવેતો વજન ઘટાડવા ઈચ્છનારાઓ માઠે સરળતા થઈ જાય છે.એજ રીતે નાના વાટકામાં પ્રવાહી લઈને નાની ચમચીથી પીવાથી એ પીવાનો સંતોષ થાય છે અને વજન વધતુ અટકે છે.મીઠાઈ કે ફરસાણ ખાવાનું ટાળવુ જોઈએ પણ એ ખાવામાં આવે ત્યારે એના નાના ટુકડાં પીરસવામાં આવે તો પણ વજન ઘટાડનાર માટે સરળતા રહે છે.

**(૬)એક સાથે ઓછી વાનગીઓ બનાવો.ઘરની બહાર હોટલ કે સમારંભમા ખાવાનું ટાળો :** ભાણામાં કે ટેબલ પર જેટલી વધારે વાનગી હોય એટલુ એ ખાવાનું વધુ મન થાય અને ભુખ વગર ખવાઈ જાય છે.લગ્ન સમારંભમા કે હોટલમાં ખાનાર વ્યકિત પાસે એટલી બધી વાનગી ઓની પસંદગી હોય છે કે બધી વાનગી માત્ર ચાખવાથી જ પેટ ભરાઈ જાય ! અનેક વાનગીઓને બદલે ઘરે મર્યાદીત અને ઓછી ચરબીવાળી વાનગીઓ પેટ ભરીને સંતોષપુર્વક ખાઈ શકાય.અનેક વાનગીઓ ખાવા છતા માણસને એટલો સંતોષ થતો નથી જેટલો સાદા દાળભાત કે ખીચડીથી થાય.

**(૭)ઉપવાસ–એકટાણા ન કરો :** ઘણા મેદવૃધ્ધિના દર્દીઓ બે–ચાર ઉપવાસ કરીને બે–ચાર કિલો વજન ઘટાડી નાખે છે પરંતુ આ રીતે અચાનક ઘટાડેલુ વજન એટલી જ ઝડપથી પાછું વધી જાય છે.ગણતરીના દિવસોમાં વજન ઘટાડવાનો દાવો કરતા સેન્ટરો પર જનારા પણ લાબેં ગાળે પસ્તાય છે.કારણ કે એનાથી કોઈ કાયમી ફાયદો થતો નથી ઉલટું શરીરને નુકશાન થાય છે.એકટાણા કરવાથી પણ વજન ઘટાડવામાં કોઈ ફાયદો થતો નથી ઉલટું,વારંવાર થોડો થોડો ખોરાક ખાવાથી શરીરને વધુ લાભ થાય છે.(ક્રમશ)

**મર્મ સ્થાન :** વગર મહેનતે,વગર પરેજીએ વજન ઉતારવાની ઘેલછા ગંભીર આડઅસરો કરે છે.વજન ઘટાડવાની કોઈ વૈજ્ઞાનિક સારવાર પધ્ધતિ કદી ગણતરીની મિનિટોમાં વજન કે પેટ નો ઘેરાવો ઓછો કરવાનો દાવો નથી કરતી અને એમ કરવામાં નુકશાન થાય છે એવુ માને છે."આળસ છોડો – સ્વસ્થ બનો".

# હાસ્ય ધર્મથી 'સંતાનોને આપવા જેવું તો આ છે.'ની વાત કરીએ

આપણે આપણા સંતાનોને લાખો, કરોડો રૂપિયા આપીને જઈશું એટલે તેઓ સુખી થઈ જશે એમ તમે માનો છો? તો એ આપણી ભૂલ છે. પૈસાની સાથે સાથે આપણે તેને શિષ્ત, અનુભવ, ઉતમ પર્યાવરણ અને ઉતમ સંસ્કારોરૂપી બેંક બેલેન્સ પણ આપવું જોઈશે. તો તે સુખ સંપતિને ભોગવી શકશે. આપણે કદાચ પૈસા આપી શકીશું પણ વિકાસમાં ઉત્પન્ન થતો આનંદ નહી આપી શકીએ. સિદ્ધિ પ્રાપ્ત કરવાનો, આનંદ કે ઉતમ ચારિત્ર્ય ખીલવવાનો આનંદ આપી શકો તો ઘણું ઘણું આપ્યું કહેવાશે ધીરજ, તત્પરતા, પ્રમાણિકતા અને વર્તનમાં નમ્રતા આ ગુણનો સરવાળો આપવા જેવો છે. આવી ડાહી ડાહી શિખામણરૂપી મૂડી આપવી થોડી મુશ્કેલ છે. માલ – મિલકત ભેગી કરવામાં આપણે કેટલી મહેનત કરી મહેનતથી ઊંચે ચઢયા હોઈએ છીએ, જેથી આપણે સહીસલામતી અનુભવી શકીએ છીએ. આપણે કેટલી મહેનત કરી છે! આપણી પાસે જે આવડત છે તે અનુભવ દ્વારા આવી છે અને તેને કારણે આપણે મુશ્કેલીમાં પણ અડગ રહી શકીએ છીએ. શું આ બધી મિલકત આપણે આપણા સંતાનને આપી શકીશું ? આપણી મિલકત આપણા માટે મૂલ્યવાન છે, આપણી સિદ્ધિનું પ્રતીક છે, આપણો આનંદ છે, આપણા વિકાસ માટે પ્રેરણારૂપ છે.આપણા પુત્ર કે સંતાનો તેને



**પ્રિન્સીપાલ–મયૂર દવે**

**ધારી**

કઈ રીતે જુએ છે? સંતાનોને તો આપણી મિલકત મોજ–શોખનું સાધન બની જાય છે, ગૌરવને બદલે અભિમાનનું પ્રતીક બની જાય છે. મિલકત આપણા માટે ઊંચે ઉડયન કરવાની પાંખ છે, પણ સંતાનો માટે કદાચ એ ભારરૂપ બની જાશે. તે નવું જાણવા પ્રયાસ પણ નહી કરે તેનામાં આળસ આવી જાય એટલે એ નવું કશું જાણવા પ્રયાસ પણ નહી કરે. કારણ કે તેમને બધું જ તૈયાર મળી જાય છે. આવા સંજોગોમાં સંતાનોને પણ ચાનક ચઢાવવી જોઈએ અને ભેગી કરેલી મિલકતના દસ્તાવેજની સાથે સાથે સંસ્કાર, શિસ્ત અને આ દસ્તાવેજ લખાવવામાં કેટલો પરિશ્રમ પડયો તે કઠીનાઈઓ પણ જણાવવી જોઈએ. તું પણ સાચા દિલથી મહેનત કર જે દુનિયામાં પ્રગતિ કરવા માટે ખૂબ ઉપયોગી છે. સંતાનોને પંપાળવાની સાથે સાથે થોડી શિસ્ત, સંસ્કાર, સંસ્કૃતિ આ બધી જડીબુટ્ટી સાથે સાથે મહેનતની જડીબુટ્ટી પણ આપવી. અને સમજાવવું કે મહેનત અને શિક્ષણ સિવાય કોઈ વિકલ્પ નથી. હસતા રહો, હસાવતા રહો.

# "સંગાથ બે ઘડીના છે એ જાણવા છતાં,આશા મિનારા કેવા ચણાવે છે ટ્રેનમા"

ઘણા વર્ષો પહેલા 'ધ બર્નીગ ટ્રેન'નામની એક ખૂબ જ સરસ ફિલ્મ આવી હતી. વિશાળ સ્ટારકાસ્ટીગ ધરાવતી આ ફિલ્મ ટ્રેનામાં આગ લાગવાથી થતી અફરાતફરી આધારીત હતી... સમગ્ર ફિલ્મમાં ટ્રેન જ કેન્દ્રસ્થાને હોવાથી ટ્રેનની મુસાફરીનાં અને તેની અંદરનાં માહોલ ને ખૂબ સરસ રીતે ઉજાગર કરવામાં આવ્યો હતો. દરેક સ્ટેશન ઉપરથી નવાં–નવાં મુસાફરો ટ્રેનમાં આવતાં જાય. પોતાનું સ્ટેશન આવતાં જાય સૌ પોતાના વ્યકિતગત સ્વભાવ શોખ. ગુણદોષ અને વૃતિઓ લઈને જ આવ્યા હોય છે. તેથી ટ્રેનની અંદર જ જાણે કે સમાજરચનાનો ચિતાર જ ઊભો થઈ જાય છે. વેપારી આમ જનતા, કોમેડીયનો ચોર ઉચ્ચકાઓ કલાકારો, નૃત્યકારો, નવયુગલો આમ સમાજનાં દરેક વર્ગના માણસો ટ્રેનમાં પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોચાય ત્યાં સુધીના સાથીદાર બનતાં હોય છે.એમા પણ વચ્ચે રજુ થતી કવ્વાલી 'પલ દો ાપલકા સાથ હમારા – પલ દો પલ કે યારાને હૈ–" ઘણી અર્થ સભર વાત કહી જાય છે... જરૂર છે તે દ્રષ્ટિકોણ કેળવવાની"

આમ જુઓ તો જીવનયાત્રા પણ ટ્રેનની મુસાફરી જેવી જ હોય છે. કેમાણસ પોતાનાં ઘરેથી (ઈશ્વરના જ દરબારમાંથી ) નીકળીને પોતાનાં જીવનની મુસાફરી શરૂ કરે છે.! અને છેલ્લે પોતાનાં નિશ્ચિત સ્ટેશને ઉતરી જઈને (ફરી ઈશ્વરનાં જ દ્વારે પ્રસ્થાન કરીને) સંપુર્ણ યાત્રા પુર્ણ કરે છે. – વચ્ચે કેટકેટલાં નિત્ય –



**યોગેશ ભટ્ટ**

(બી.એ.એલ.એલ.બી.)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

નૂતન પડાવો આવતાં રહે છે. કેટલું બધુ અજાણ્યું – અપરિચિત જોવા, જાણવા, સમજવા અને અનુભવવાં મળે છે. અનેક પ્રકારનાં નવા – નવા યાત્રીઓ, સાથીઓ સાથે તાલમેલ મેળ વવાના, તેમને સાચી રીતે પરખવાનાં, પામવાનાં અવસરો મળે છે. અને તેમાંથી જ અનેક સારા નરસા, કડવા– મીઠા, અનુભવોનું ભાતું બંધાતુ રહે છે. અનેક પ્રકારનાં સહયાત્રીઓ પોતાનાં સ્વભાવ, રહેણી કરણીની બહુ મોટી અસર છોડતાં જાય છે. તો ઘણાં સાવચેતી, સાવધાનીનો સંદેશ પણ આપતાં જાય છે. સફર ભલે ગમે તેવી આનંદદાયક, રોચક, કે પીડાદાયક લાગે (સૌનાં સ્વભાવ અને વૃતિઓ મુજબ) પણ અંતે તો આ સફર એક નિશ્ચિત મુકામે અનેક સંભારણાઓ સાથે અટકતી જ હોય છે. સૌ પોતાનું છેલ્લા સ્ટેશન આવે એટલે ટ્રેનમાંથી ઉતરી જ જતાં હોય છે. !!

**નવનીત : અવતર્યાએ સાથે અહી થાય છે નકકી, મરવાનું શ્વાસનાં અછોવાના શું છે ? સરભરા શું છે ?"**

**– શોભિત દેસાઈ**

**હો કિ જો સાથ હૈ ઉનકી કિતની ચિન્તા રહતી હૈ ?**


મે થક ગયા હું પીછે પત્ર લીખુંગા મેરે સ્વાસ્થકે બારેમે પ્રમોદ બતાવેંગે સદૈવ તુમ્હારી યાદ આતી હૈ. મેરે પત્રકી પત્રિક્ષા કરના કોઈ કામ વ્યર્થમે ન કરના ઉત્સાહ સે રહના કિસી કામકો બોજા સમજકર કરના નહિં મન નિરબલ બનેગા.કર્તવ્ય સમજકર કરો પુરા પત્ર ફિર લિખુંગા.

**કૃપાસિંધુ બહુ વિધી સમુઝાવહી**

# રામ લખન સીય સુંદરતાઈ,સબ ચીત વહિ મતિ મન ચિત લાઈ !

મોટા બહેન તેમના ત્રણેય બાળકો સાથે જયપુર હતા.બાને હંમેશા મારાથી અસંતોષ રહેતો,કારણ તેમનાથી કામ બનતુ નહીં.ઘરમાં નોકર નહિં.હું ગમે ત્યારે અચાનક ભગવાન પાસે જતી ત્યારે આ કારણે તેઓએ નારનજગી બતાવી કારી સાથે બોલ્તા પણ નહિં.તે ઉપરાંત તેઓને એમ હતુ કે બાપુજી બધી જગ્યા એ મને મોકલવાનો ખર્ચ કરે અને તેમને કરકસર કરવી પડે છે.આ શંકા તો મોટા બહેન તથા નાના–ભાઈને પણ હતી.પરંતુ ૧૯૬૨ ના રામનવમી પ્રસંગે છેલ્લે બા,બાપુજી સાથે મુંબઈ ગઈ ત્યાર બાદનો બધો ખર્ચ ભગવાન જ આપતા રહેતા અને છેલ્લે તો દેવાસ બોલાવી ત્યારે રૂા.૫૦૦૦ , પહેલા કહ્યા પ્રમાણે મારા નામે બેંકમાં મુંકવા માટે આપી દીધેલા અને કહેલુ,"યહ પૈસા કિસીકો દેના નહિં ઔર તુમ સાવધાન રહેના.ભવિષ્યમે તુમ્હે કોઈ નહિ રખેગા.સબ ગરજ પડે કછુ ઔર હૈ,ગરજ સરે કછુ ઔર"ત્યારથીતો વયાજમાથી જ મારો ખર્ચ ચાલતો ઘરમા હોવ ત્યારે તો કોઈ જાતનો ખર્ચ રહેતો નહિં.૧૯૬૧ માં શરૂમાં ચાર સાડી લીધા બાદ કપડાનો ખર્ચ પણ બંધ હતો કારણ ઘરમા તો ઘરની પરીસ્થિતિ જોઈ ગમે તેમ ચલાવી લેતી.અને બહાર ગામ માટે વધુમા વધુ ત્રણ ચાર સાડી ચાલતી જે કોઈ પ્રસંગે કોઈ આપતુ તે ચાલતી.અન્ય કપડા ભગવાન ઘણીવાર પ્રસાદી કેમ્બ્રીકના ધૌતીયા આપતા તેમાથી કરાવતી.જો કે બાપુજી આ બાબત પુર્ણરૂપે સાક્ષી હતા.તેથી સમજાવવા છતાં ઘરના સદસ્યોના મનમાં આ વાત ઉતરતી નહિં.તેમજ બાપુજી, બા ને પણ સમજાવતા કે આપણે રમા ભગવાનને સોંપી દિધી છે.હવેતો ભગવાનની થાપણરૂપે આપણા ઘરે રહે છે.તો ભગવાન બોલાવે ત્યારે તેને જવું જ જોઈયે ને ? પરંતુ ઘરકામ તેમનાથી ન નતા દુ:ખી રહેતા.તેમા એ હવે તો જે માસિક ખર્ચ ની રકમ ધીરૂભાઈ મોકલતા તેમાથી છ ને બદલે દસ જણાનો નિર્વાહ કરવાનો રહેતા ખુબજ મુશ્કેલી પડતી.જરૂર પડતા મારા વ્યાજ ની રકમ બાપુજીને વાપરવા હંમેશા કહેતી રહેતી.

## અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)

બા કંટાળીને દેશમા રહેવા જતા રહેલા.પોતાના દુ:ખના કારણે બહેનનો સ્વભાવ પણ વિચીત્ર બની ગયેલો.તેથી તેમને સંભાળવામા માનસીક રીતે પણ સહન કરવું પડતું હવે આ મારે ભગવાન પાસે જવાનુ એકદમ જ બંધ થઈ ગયેલું.નાના ભાઈ ઓનો અભ્યાસ અને ઓછા ખર્ચમાં ઘર ચલાવવાની બાપુજીએ સોંપેલી જવાબદારી.આખો દિવસ કામમાથી પણ હવે સમય ઓછો મળવાથી મારા નિત્ય નિયમમાં પણ ત્રુટી આવતી.ઘણીવાર વધારે પડતી મુશ્કેલી ઉભી થવાથી નૌકરી કરી મદદ કરવા માટે મારૂ મન વિચારતું.અને તેથી પણ વધારે કોઈ વાર અતી કંટાળતા એમ થતું કે ભગવાન પાસે રહેવાને હુ લાયક નથી.બા દેશમા જતા રહ્યા તો હું કોઈ આશ્રમમાં જતી રહું અથવા આ બધી મુસીબતથી કાયર બની જતા જીવન પ્રતયે નફરતથી મૃત્યુના વિચાર આવતા.આ બધા કારણોસર મે ભગવાનને મારા મનની વ્યથા સોળ પાનાના પત્ર દ્વારા વ્યકત કરેલી.બીજા કોને કહું.?આ પત્ર પ્રમોદ દ્વારા ભગવાનને મળતા તેઓ પણ વ્યથિત થઈ ગયેલા અને

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૫ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



લગભગ રોજ મને આ અનુસંધાનમાં પત્ર લખતા.

૧૬ પેજી પત્રકે અનુસંધાનીક ઉતર તુમને લીખાકી નૌકરી કર પિતાજીકી મદદ કરૂં ઔર મેરા ભી નિર્વાહ હો.નૌકરી મે મેરી સંમતી બીલકુલ નહિ.

આશ્રમમે જાના ભી વૈસા હી હૈ જૈસા નૌકરી મે ન માન રહેગા ન આબરૂ મજુર જૈસા કામ કરો રોટી ખાઓ ઔર દુરાચાર મે શામીલ રહો બસ યહ દશા આશ્રમકી હૈ.

રહિ મૃત્યુકી બાત યહ તુમ કર નહી સકતી કયોંકિ શરીર તુમ્હારા નહિં મેરા હૈ યદિ તુમ અપના સમજો તો ભી કાયરતા હૈ તુમ વચન બદ્ધ હો એસા કર નહિ સકતી.તબ ફિર કરના કગા યહ પ્રશ્નકા સીધા સા ઉતર હૈ ધીરજ રખો.

આ શબ્દો કેટલા યોગ્ય છે !! પુરૂષાર્થ કરીને આપણે મેળવી પણ કેટલુ શકીએ ?જીવનનો પુરુષાર્થ સીમિત હોય છે તેથી કેટલુ થઈ શકે ? માટે પરમાત્માના બની જવુ જ જીવના હિતમાં છે."જીવન અર્પણ કરી દીધુ કોઈને એટલા માટે કે મરણ આવે તો કહિ શકું આ મિલ્કત પરાઈ છે."સાક્ષાત ભગવાને કહી દીધુ કે "શરીર તુમ્હારા નહી મેરા હૈ"આવુ અભય વચન પરમાત્માની પરમ કૃપા વિના કયાંથી મળે ?

ફરી થોડા દીવસ બાદ પત્ર આવ્યો.

**રાંચી તા.૧–૭–૬૫**
**સોલાવે પ્રષ્ટ પત્ર**
**(૧૬ પેજી) ( નૌકરી )**

તુમ નૌકરી કરના ચાહતી હો ?
(૧)દેખો નૌકરીકી પરાધીનતા સહન કર સકોંગી ?
(૨)તુમકો માસિક કયા પગાર હોગા ઉસકા વિચાર કિયા ?
(૩)જબ નૌકરી કરોગી તબ ટાઈમ કી પાબન્દી કરની પડેગી.કયા એસી દશામે ભજન હો સકેગા ?
(૪)યદી માન લો કી તુમ તુમ્હારે પિતાકો મદદ કર સકો તો કયા ઈસસે ઉસે પ્રસન્નતા હોગી ? ઔર ધીરૂકો સંતોષ હોગા ?
રમુ યહ વિકલ્પ હૈક સબ વ્યર્થ હૈ બચ્ચોકી દેખભાલ કરના.
ઈસકો ગંભીરતા સે વિચાર કરો કાન્તાકે સ્વભાવ કે તરફ ન દેખો પર અપના વિભાવ સંભાલો.અચ્છા અબ સુનો ધીરજસે સામના કરકે નીકાલદો.
**ફિર**

મેરા સ્વાસ્થ ખરાબ હૈ મુશકિલસે પત્ર લીખ રહા હું ભુલ સુધારકે પઢના.બુરે વિચાર ન આને દો રમા ૧૦ તા.તક ઈહા હુ પુરુષોતમ –ભાઈકા કરુણ પત્ર મીલા હૈ.કાન્તાકે વિષમે એક ઉપાધી હી હૈ કૈસમે સફલતા તો મીલેગી પર બહુત અસ્તવ્યસ્ત હોના પડેગા ઔર ખર્ચ સમય સબ બીગડેગા પત્ર પીછે લસખ રહા હું.
**રણછોડદાસકા આસીસ**

આ બાબત ધીરુભાઈ તો નાગપુર હતા.તેથી તેમની ઈચ્છાનો ખ્યાલ નથી.પરંતુ બા,બાપુજીતો પરિસ્થિતિ વશાત હું નૌકરી કરું તેમા સંમત હતા.પહેલાથી જ ભગવાન નૌકરી કરવા દેવા માટે નારાજ હતા.આ બાબત તો જરા પણ સંમત થતા નહીં.મોટા ભાગે બધાને નૌકરી કરવા ના કહેતા .બાપુજી પણ કંટાળી ગયેલા.મોટા બહેન નાના પણમાં છ ગુજરાતી જ ભણેલા.જયપુરમાં હિન્દી ભાષા ચાલતી હોવાથી તેઓ આગળ બભ્યાસ કરવા પણ તૈયાર નહોતા.બાપુજી તેમને અમદાવાદ કાન્તા વિકાસગૃહમાં અભ્યાસ માટે જવાનું કહેતા ત્યારે તેઓ જયપુર છોડી કયાય જવા તૈયાર ન હતા.બાપુજીને તેમના ભવિષ્યની ચીંતા હતી.તેમના ત્રણેય દિકરાઓ ખુબ નાના હતા.બનેવીની કોઈ મિલ્કત હતી નહીં.જે કંઈ હતુ એ બહેનના સસરાનું હોવાથી સાસુ તેમના નણંદને આપવા ઈચ્છતા હતા બહેનને તેમના સાસુએ ત્રણ બાળકો સાથે કશું આપ્યા વીના મુંબઈ,કલ્યાણથી કાઢી મુકેલા આવી વિપતીથી તેમનો સ્વભાવ વિચીત્ર થઈ ગયેલો અને તેમના હકક માટે કેસ કરવો કે નહીં એ વિશે ભગવાનને પુછાવેલું. ખરેઅર હા પત્રમાં ભગવાનને લખ્યા પ્રમાણે બાપુજીને ખર્ચ સાથે ઘણી દૌડધામ રહી.હમણા થોડા સમય પહેલા જ તેમનો હકક મળ્યો.આગળના પત્રોમાં **(ક્રમશ:)**

---

# :: વ્યતિપાત યોગ ::

શાસ્ત્રોમાં અમુક યોગ ખુબ મહત્વનાં અને વિશેષ ફળ દાયી ગણવામાં આવે છે.તે પૈકી વ્યતિપાત યોગનું ખુબ જ મહત્વ મહાભારત–વરાહપુરાહા અને જ્યોતિષના ગ્રંથોમાં જણાવવામાં આવેલ છે.વ્યતિપાતના યોગમાં દેવપુજન,દાન અને મિનીટ સુધી વ્યતિપાત યોગ છે.પરમાત્માં શ્રી કૃષ્ણ ભગવાને યુધિષ્ઠિરને વ્યતિપાતમાં દાનનું અક્ષય ફળ પ્રાપ્ત થાય છે – તેમ કહયુ છે.વ્યતિપાતમા થયેલ દાન,પુજન,ભકિત નું ફળ અગણિતરીતે સતત વધતુ રહે છે – તેમ શાસ્ત્રોમાં જણાવેલ

**શાસ્ત્રી શરદભાઈ દવે**
**ભાગવત કથાકાર, હસ્તરેખા**
**જયોતિષ, સલાહકાર (અમરેલી)**
**મો.૯૪૨૭૦ ૧૭૦૬૭**
**ઓફિસ ફોન : ૦૨૭૯૨ ૨૨૭૯૨૮**

ભકિતથી–અનેક ગણુ ફળ અને પુણ્ય પ્રાપ્ત થાય છે.તારીખ ૯ ફેબ્રુઆરી – ૨૦૨૪ – શુક્રવારના રોજ પ્રાત:કાળથી સાંજે ૭ – કલાક અને ૭ છે.– વિશેષ માર્ગદર્શન અને માહિતી માટે શાસ્ત્રી–શરદભાઈ દવે (મો–૯૪૨૭૮ ૧૭૦૬૭–)નો સંપર્ક કરવા જણાવેલ છે.

# :: હિંડોળા ગીત ::

મોરપિંછની કલમથી
સંદેશો આજે લખું
વહેલો આવી મળજે કાના
ગોમુળથી પત્ર લખુ....૧
માખણ,મિસરી,ગોરસ,દુધના
ભર્યા ભર્યા છે મટકા
ભાઈબંધો સાથે મસ્તી કરતા
આવ હવે તું ક્રિષ્ના....૨
રાધાના હૈયાની વાતો,
મન મુકી તું સાંભળજે
તો ગોપીઓની વિરહીદશાને,
સન્મુખ આવી જોજે....૩
પહેલુ રૂદન મથુરામાં કર્યુ
પણ ગોકુળને લડતું મૂકયું
રાધાના વિહરને કેવું
ધગધગતું અંગારૂ દીધું....૪
કાળીનાગને,યમુના જઈમાં
એક જ પગલે જીત્યો.
નાગણીઓની પ્રાથના સાંભળી
અભય વચન દઈ બેઠો....૫
ગોવર્ધન ધારી,આવ હવે તું
રાધાને રડતી જોવા
મથુરા છોડી,ગોકુળ આવી
યશોદા ને ખોળે રમવા....૬
ગોપીઓ આજે,રાધા સંગે
રાસ રમવા તલસે,ને
શ્રાવણ માસે,હૈયાના હિંડોળે
વૈષ્ણવો તને ઝુલાવે....૭

**સાહિત્યકારઃ કનુભાઈ દવે- અમરેલી**
મો.૯૯૨૫૫ ૪૪૬૦૪

---

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**જીવન એક ગીત....**

**જન્મ– મૃત્યુને સમજવાની ધૂન લાગી મને, યાત્રાએ નિકળ્યો છું ફુલ– સુંગધ પામવા તને ક્ષમા એક તમારી મોટી શકિત છે.**

સુખ પ્રાપ્તિ માટે એક ઉપાય તમારા હાથમાં છે. ક્રોધનો ત્યાગ કરો. તમામ અનિષ્ટનું કારણ ઈર્ષ્યા, ક્રોધ, બદલો લેવાની ભાવના તથા તીખી વાણી છે. આપણા પોતાનાં ગરમ સ્વભાવને કાબુમાં રાખવા શાંત મને વિચારજો. ક્રોધ તમારૂ બલડ પ્રેસર વધારે છે. મનને હતાશા સિવાય કશું મળતું નથી. જેનાં વર્તનમાં નમ્રતા છે. તે એક સંસ્કાર છે. તે શાણો માસણ છે. શાંતિથી તમારા મનના મિત્રો વિશે વિચારજો. માફી માગવા માટે, આપવા માટે તમારા મનની મોટાઈ ઉપર આધાર છે. મહાન માણસ તેને ગણવો જે આત્મસંયમ જાણે છે. પોતાની જાત ઉપરનો વિજય પ્રાપ્ત કરવો – એ મનુષ્યને ઉતમ વિજય પ્રાપ્ત કર્યો છે. ભણેલો માણસ તેને ગણવો જોઈએ જે પોતાની જાતને અંકુશમાં રાખી શકે.

તમને અન્યાય થાય... તમારા ઉપર ખોટા આક્ષેપો થાય તો પણ જરા થોભો, રાહ જુઓ, જીવ ન બાળો. તમારી ભુલને શોધી જાતને માફ કરો. સામાવાળાની માફી માંગો. તેમાં તમારૂ કશું જ બગડતું નથી. લાંબો સમય જીવવા માટે મન શાંત જરૂરી છે. શાંત મન સારા વિચારો લાવશે. માયાળુ, વર્તન, ઉદારતા, દયા, જેવા વિચાર અને કાર્યો આપણને સુખી કરે છે. સહિષ્ણુતા અને શાંતિ જાળવવાના કાર્યમાં તમને કોઈ જીતી ન જાય....! ઈશ્વરના આશિર્વાદ સમજવા જો તમે મુશ્કેલીનો સામનો કરતા હો – તો કારણ કે મુશ્કેલીમાં માણસના મનનું ગુપ્ત બળ વધી જાય છે. અને પ્રશ્નોના ઉકેલમાં મદદ કરે છે. ચકમકના પથ્થર ઘર્ષણથી અગ્નિ છુટો પડે છે. મનનાં સંઘર્ષથી વિચારોનાં મોતી મળશે. જે તમારા બીજા પ્રશ્નો ઉકેલવામાં મદદ કરશે. જીવનને ગતિ મળશે. તમારૂ આત્મબળ જગાડવા

**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા



એક ઉપાય છે. પ્રાર્થના પ્રાર્થના ખરા હૃદયથી કરો.

તમારી કોઈ નિંદા કરે, ટીકા કરે તો યાદ રાખવું કે તમારી મહત્તા વધી છે. અયોગ્ય આલોચનાં પરોક્ષરૂપે તમારી પ્રશંસા છે. કોઈ માણસ પુર્ણ નથી. આઈસ્ટાઈન સો માંથી વીસ વખત ખોટા હોવાનો સ્વીકાર કરે છે. આપણે તો એટલા મહાન નથી તેથી સો માંથી સિત્તેર ટકા ભુલ હોય તો સ્વીકારી લેવી અતે તે ખુબ જ હિંમતનું કામ છે.

તમારી સારી રીતભાત તમાર સાર્થકતાની નિશાની છે. કોઈપણ માણસ સંસ્કારી છે કે નહિ તે જાણી શકાય છે. સમાધાન વૃતિની પરીક્ષા કરીને સમાધાન માટે કેટલું જતું કરે છે. દુનિયાની અડધી મુશ્કેલીઓ અહમ, અપમાન અને અભદ્ર, વ્યવહારમાંથી કે કેટલાક ગેરવાજબી શબ્દોથી થાય છે. ધુમકેતુંની એક 'પોસ્ટ ઓફિસ' વાર્તામાં વાકય છે.'' માણસ પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિથી જુએ તો અરધુ જગત શાંત થઈ જાય'' પ્રત્યેક વસ્તુની સારી બાજુ જોવાનો પ્રયત્ન સારી વાતે છે. તમારા હાથમાં દીવો હોય તો બીજાને પ્રકાશ મળે છે. પરંતુ સામા વાળા માણસ પાસે દીવો હોય પણ તેને જગાવવાની જરૂર હોય તો તમારા દીવાથી તેને પ્રકાશમય કરી શકાશે. તેમાં કોઈ વધારાનો ખર્ચ પણ નથી.

તમારા મિત્રો સાથે તમારા પ્રશ્નોની ચર્ચા કરવાથી શાંતિ અને ઉકેલ મળશે. માનસિક સ્વાસ્થ્ય માટે પણ મિત્રો ખુબ જરૂરી છે. કુંટુંબમાં આપણાન ભાઈ–બહેન, પતિ–પત્ની, માતા–પિતા હોવાનાં પરંતુ આ સાથે મિત્ર પણ ખાસ જરૂરી છે.

ખરેખર તો આપણો દેહ – આપણું શરીર મિત્ર છે. જીવનભર સાથ નિભાવે છે. જન્મથી મૃત્યું સુધીનો સાથ આપતું કોઈ હોય તો આપણું શરીર છે. ઉપનિષ્દ કહે છે. કે 'શરીરમ આદ્યમ ખલુ ધર્મ સાધનમ્' મનુષ્ય શરીર ધર્મનું – ધર્મ સાધવાનું પહેલું અગત્યનું સાધન છે. આથી શરીરને તંદુસ્ત રાખવા ખાસ પ્રયત્ન કરવો જોઈએ આપણું અતિ મૂલ્યવાન શરીરને યોગ્ય આહાર વિહાર સંભાળ રાખવાની છે. સંભાળ માટા શું કરવું ? યોગ, કસરત, સાત્વિક ખોરાક, ધ્યાનમાં ખેસવું સારા વિચારો કરવા નિયમિત આપણી ક્ષમતા પ્રમાણે ચાલવું – વગેરે મનની અસર શરીર ઉપર થાય છે. તેથી મન પ્રસન્ન રહે તેવા કાર્યો કરવા ભકિત, સત્સંગ, સ્વાદયાય – કોઈ કલાની આરાધના વગેરે શરીરને જરૂરી માત્રામાં રિલેકસ રાખી કામકાજ કરવું, ગીતામાં ભગવાને ચુકતા હાર મતલબ કે સમતોલ યોગ્ય આહાર લેવાનો કહયો છે. આમ જીવનના દરેક વ્યવહારો સમતોલ યોગ્ય રાખવા જોઈએ સુંદર ગીત જેમ આનંદ આપે છે. તેમ આપણું જીવનને એક સુંદર ગીત બનાવવું જોઈએ **(અપુર્ણ)**

---

# 'માતૃનો મિરેકલ'

માતૃત્વ એટલે ઈશ્વરનો આશીર્વાદ. આ માતૃત્વમાં ખૂબ શકિત હોય છે. એક મા ધારે તો શું ન કરી શકે? એટલે ખરેખર એક માની પાસે અમાપ શકિત છે. તે તેના માતૃત્વને કેવી રીતે છલકાવે છે તેના પર આધાર છે. અને એવા કેટલાય સફળ માતૃત્વના વારસદારો આપણી આસપાસ છે કે, જેમના સફળ જીવનમાં સૌથી મોટી અસર તેની પાછળ રહેલા માતૃત્વની હોય છે. એવું માતૃત્વનું ઉત્તમ ઉદાહરણ જે આપણે સૌ જાણીએ છીએ. આપણા વડાપ્રધાન શ્રી મોદીજી કે જેમના જીવનમાં હીરાબાના માતૃત્વની ખૂબ ઊંડી અસર છે. જીજાબાઈ જેવા માતૃત્વએ આપણને શિવાજી આપ્યા. અને આવા તો અનેક ઉદાહરણો છે.

માની મમતા સંતાન માટે કંઈ પણ કરી શકે. એજ રીતે મા પોતાના સંતાનો પર આવનારી દરેક આફત સામે ઢાલ બનીને ઉભી રહી જાય છે. અને સમય આવે તે ઈશ્વર સાથે પણ લડાઈ લડી લે છે. અને એ માતૃત્વને પામવા તો બ્રહ્માંડના અધિપતિને પણ માંના ખોળે ઉતરવું પડ્યું છે. એટલે એવું માતૃત્વ કોઈપણ અશકય કામને શકય કરી શકે છે.

અને એવો જ એક કિસ્સો હમણાં થોડા સમય પહેલા વાંચવા મળ્યો. જે સમાચારના અહેવાલ મુજબ વોશિંગ્ટનમાં એક યુવાન દીકરી લગભગ પાંચ વર્ષથી કોઈ અકસ્માત પછી કોમામાં જતી રહેલી. જેને તેની માતા રોજ પાસે બેસી હાથમાં હાથ લઈ જોકસ સંભળાવતી. અને પાંચ વર્ષ બાદ કોઈ એક જોકસ પર એ દીકરીએ પ્રતિક્રિયા આપી

**અનુભૂતિનાં અક્ષરો**
- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ



અને કોમામાંથી ઊભી થઈ. ત્યારે ખરેખર એ વાત સાબિત થાય છે કે, મા ધારે તો શું ન કરી શકે?

મા દેશની હોય કે વિદેશની માતૃત્વમાં ફેર નથી પડતો. એમા પાંચ વર્ષ સુધી સતત એક આશા ભરી આંખે દીકરીને એ જોકસ સંભળાવતી હશે. ત્યારે એને કેટલી ધીરજ ધરી હશે? પાંચ પાંચ વર્ષ એટલે એક વર્ષમાં ૩૬૫ દિવસ અને એવા પાંચ વર્ષ એટલે ૩૬૫ દિવસની એક એક મિનિટનો હિસાબ કરો તો કેટલી ધીરજ સાથે એ માતાએ દીકરીને કાયમી જોકસ સંભળાવ્યો હશે. અને પાંચ વર્ષ સુધી એ રાહ જોઈ હશે અને કેટલો વિશ્વાસ અને આસ્થા કેળવી હશે કે ઈશ્વરે પણ એની આસ્થાને હકીકતમાં બદલવી પડી. અને એ માની આસ્થામાં એના મોટીવેશનમાં અને એની ધીરજમાં કેટલી તાકાત હશે? કે કોમામાં પડેલી દીકરીને ફરી પાછી જીવન તરફ લઈ આવી.તો માતૃત્વથી મોટું મોટીવેશન લગભગ બીજું કંઈ ના હોઈ શકે. કારણ કે આ માતૃત્વનું મોટીવેશન ધારે તે ચમત્કાર કરી શકે. અને આવા તો એક–બે નહિ કેટકેટલા દાખલા છે કે જેમના જીવનમાં માતૃત્વની અસરથી ખૂબ સકારાત્મક પરિણામ મળ્યા હોય. અને ખૂબ સફળતા પ્રાપ્ત કરી હોય. અને એટલે જ આ માતૃત્વનો આપણા શાસ્ત્રોમાં ખૂબ અનેરો મહિમા ગવાયો છે. માને ઈશ્વરના સ્થાને બેસાડાય છે.

અને એટલેજ તો આપણા મેઘાણી તો કહે કે,

'મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ
એથીય એ મીઠી મોરી માત રે
જનનીની જોડ સખી નહી જડે રે લોલ..,

અને એથી આગળ લખતા એ કહે છે કે,

'ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે,
જનનીની જોડ સખી નહી જડે રે લોલ.'

તો આવી આપણી માતાનું માતૃત્વ એ સંતાનને મળેલી સોગાદ છે.અને આવા અનેક કિસ્સાઓ પરથી એટલું તો કહી જ શકાય કે માતૃત્વના મોટીવેશનથી મીરેકલ થાય છે. બસ માતૃત્વ સબળ જોઈએ. માતૃત્વમાં વિશ્વાસ, ધીરજ અને સખત મહેનતનો સંયોગ જોઈએ. અને એ બધું જો હોય તો સંતાન માટે માતૃત્વ જીવનનો મિરેકલ જ સાબિત થાય છે.આપણું માતૃત્વ યોગ્ય રીતે છલકાય એ ખૂબ જરૂરી છે.આવી દરેક માતા અને તેના સબળ માતૃત્વ માતૃત્વને હૃદયથી વંદન કરવા જ રહ્યા. તો પ્રેમના પવનમાં આવી આપણી માનો પ્રેમ પણ મનાવજો. એને પણ તમારો પ્રેમ ચોકલેટ, ગુલાબ કે કોઈ વચન આપી દર્શાવજો. વ્હાલથી વ્હાલનો વ્યવહાર મનાવજો.

# સાવરકુંડલા, ધારી અને ખાંભા તાલુકા કોંગ્રેસ સમિતિની જન અધિકાર સંવાદ કાર્યક્રમ હેઠળ મીટીંગ યોજાઈ








ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહજી ગોહિલ ની સુચનાથીજનઅધિકારસંવાદકાર્યક્રમ હેઠળ અમરેલી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતની અધ્યક્ષતામાં તા. ૯/૨/૨૦૨૪ ના રોજ સાવરકુંડલા, ધારી, ખાંભા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મીટીંગ કરવામાં આવેલ હતી. સાવરકુંડલા ખાતે લોહાણા વિદ્યાર્થી ભવનખાતેસાવરકુંડલાતાલુકાકોંગ્રેસ અનેસાવરકુંડલાશહેરકોંગ્રેસસમિતિ દ્વારા જન અધિકાર સંવાદ હેઠળ અમરેલીજીલ્લાકોંગ્રેસપ્રમુખતેમજપૂર્વ ધારાસભ્યપ્રતાપદુધાતનીઅધ્યક્ષતામાં મીટીંગબોલાવવામાંઆવેલહતી.આમ જનતા ના પ્રાણ પ્રશ્નો , બેરોજગારી, મોંઘવારી, ખેડૂતોને પોષણ યુકત ભાવ વગેરે મુદાને ધ્યાને લઈને મીટીંગમાં આવનાર દિવસોમાં લોકોને ન્યાય મળે તેવા હેતુસર જલદ કાર્યકમો કરવા અને સંગઠનને વધુ મજબુત કરવા સામાન્ય લોકોની સાથે ખંભે ખંભા મિલાવીને જાગૃતતા લાવવા પ્રતાપ દુધાત દ્વારા હાકલ કરેલ હતી. આ કાર્યકમમાં સાવરકુંડલા તાલુકા પ્રમુખ મનુભાઈ ડાવરા, ગોરધનભાઈ રાદડિયા, ચંપુભાઈ ધાધલ, પરબતભાઈ કોઠીયા, ભરતભાઈ ગીડા, મનજીભાઈ રાજા, બટુકભાઈ પાટીદાર, દાદજાનબાપુ, ગોરધનભાઈ અમરેલીયા, જસુભાઈ ખુમાણ, દીપકભાઈ સભાયા, વિનુભાઈ ગુંદરણીયા, નરેશભાઈ દેવાણી, અનિભાઈ ધામેલીયા, કરમશીભાઈ કાનાણી, શિવરાજભાઈ ખુમાણ, કનુભાઈ વેકરીયા, રવજીભાઈ લાખાણી દેવચંદભાઈ દુધાત, ઘનશ્યામભાઈ દુધાત, મનુભાઈ દુધાત, યુનુસભાઈ પોહાર, અરવિંદભાઈ આંબલીયા, ભોળાભાઈ બલદાણીયા, ઘનશ્યામભાઈ નાકરાણી, ભરતભાઈ કાળુભાઈ દુધાત, ઘનશ્યામભાઈ કથીરિયા તેમજ ગ્રામ્ય કોંગ્રેસ કાર્યકર્તા આગેવાનો હાજર રહેલ હતા. તેમજ સાવરકુંડલા શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ડોડીયા, કાર્યકારી પ્રમુખ હસુભાઈ સૂચક, નાસીરભાઈ ચૌહાણ, રાજેભાઈ ચૌહાણ, અશોકભાઈ ખુમાણ, જીગ્નેશભાઈ ભરાડ, ચિરાગભાઈ વાઘ, મનીષભાઈ કાનાણી, ચેતનભાઈ, રૂસ્તમભાઈ સમા, ભાવેશભાઈ બગડા, પ્રવીણભાઈ ચુડાસમા, બાવનકા રિયાજ, અલ્તાફ બાવનકા, બી.બી. કુરેશી, વાઘેલા નાનજીભાઈ વગરે શહેરી કાર્યકર્તામિત્રો હાજર રહ્યા હતા. તેમજ ધારી તાલુકા કોંગ્રેસ સમિતિ કારોબારી મીટીંગમાં પાલીતાણાના પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, તળાજા ના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, પૂર્વ જિલ્લા પ્રમુખ ડી.કે. રૈયાણી, કોંગ્રેસ અગ્રણી શરદભાઈ ધાનાણી, તાલુકા કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ દિલીપભાઈ સાવલિયા, રોહિત સરધારા, અશોકભાઈ ચાવડા, ચંપુભાઈ વાળા, ચલાલા શહેર કોંગ્રેસ પ્રમુખ વિશાલભાઈ માલવિયા, ચંદુભાઈ વાળા, રમેશભાઈ ચૌહાણ, કાળુભાઈ રવિયા, ઈકબાલભાઈ સંવટ, કે.કે. ચૌહાણ, છત્રજીતભાઈ વાળા, અજયભાઈ વાળા, કલ્પેશ ચાવડા, દિનેશભાઈ રૂડાની, પ્રકાશભાઈ ચોવટીયા, વિપુલભાઈ કાછડીયા, ધીરૂભાઈ, વિઠ્ઠલભાઈ ચાવડા, પ્રકાશભાઈ વેકરીયા, યુનુસભાઈ જુણેજા સહિતના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ખાંભા તાલુકા કોંગ્રેસ સમિતિ કારોબારી મીટીંગમાં પાલીતાણાના પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ રાઠોડ, તળાજાના પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, પૂર્વ જિલ્લા પ્રમુખ ડી.કે. રૈયાણી, ડો. કિર્તીભાઈ બોરીસાગર, ઉપેન્દ્રભાઈ બોરીસાગર, અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી, જિલ્લા મહામંત્રી જનક પંડયા, જગદીશ તળાવિયા, જિલ્લા સંગઠનમંત્રી જગદીશ પાનસુરીયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ સખવાલા, શહેર કોંગ્રેસ પ્રમુખ બાબાભાઈ ખુમાણ, જિલ્લા ઉપપ્રમુખ રામભાઈ મોભ, રાણીંગભાઈ મોભ, નિર્મળસિંહ રાઠોડ, કમલેશ ત્રિવેદી, કનુભાઈ વાઘ, ભાવેશ વાઘ, ભોળાભાઈ મોભ, રાજુ કળસરિયા, પ્રવીણભાઈ વરિયા, મોહસીનભાઈ પઠાણ, મોહિત નગદિયા, ઈરફાન બોઘાણી, શૈલેષ ઉનાગર, મહેન્દ્ર હરિયાણી, ગોપાલ પરમાર, રમેશ કળસરિયા, ભૂપતભાઈ પાટડિયા, પ્રવીણભાઈ બાબરીયા, એન.જી. ઝિંઝૂડા, કે.એ. સુરાણી, અલ્લારખા પઠાણ, ઘનશ્યામ કચ્છી, રૂખડભાઈ સોલંકી, કનુભાઈ ચૌહાણ, રાજુભાઈ, મગનભાઈ મકવાણા, ઈસ્માઈલભાઈ, મહમદભાઈ સોલંકી, લાલજીભાઈ ઉનાગર સહિતના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું લોહાણા સમાજને એક બેઠક ફાળવો

રહે છે. તેમનું કારણ કોઈ એક જગ્યાએ લોહાણા સમાજની વસ્તી ન હોવાનું જણાઈ છે.

તા. ૨૮/૨/૨૦૨૪ ના રોજ ગુજરાતની ૪ (ચાર) રાજયસભાની સીટોની ચુંટણી છે. ગુજરાતમાં અને સૌરાષ્ટમાં લોહાણા સમાજની ભા.જ.પ. પ્રત્યેની નિષ્ઠાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાંથી રાજયસભાના સભ્ય તરીકે ૧ (એક) સીટ લોહાણા સમાજને ફાળવવા મારી લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ જીતુભાઈ ગોળવાળાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૬ | ૧૨૩૭ |
| ૨ | શિંગ મોટી | ૯૦૫ | ૧૨૯૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૫૨૨ |
| ૪ | તલ સફેદ | ૨૩૨૫ | ૩૩૩૦ |
| ૫ | તલ કાળા | ૨૮૩૫ | ૩૧૨૩ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૧૦ | ૪૧૩૦ |
| ૭ | બાજરો | ૪૭૯ | ૫૦૧ |
| ૮ | જુવાર | ૪૫૫ | ૧૨૫૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૩૮ | ૬૪૩ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૮૭ |
| ૧૧ | મગ | ૧૮૬૯ | ૧૮૬૯ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૨૧૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | તુવેર | ૧૧૭૧ | ૧૯૫૬ |
| ૧૫ | કપાસ | ૧૦૬૧ | ૧૪૬૯ |
| ૧૬ | એરંડા | ૧૦૪૦ | ૧૦૯૪ |
| ૧૭ | જીરૂ | ૫૮૨૫ | ૫૮૨૫ |
| ૧૮ | રાયડો | ૮૪૯ | ૯૦૯ |
| ૧૯ | ધાણા | ૧૦૭૦ | ૧૨૫૦ |
| ૨૦ | ધાણી | ૧૨૮૨ | ૧૭૪૦ |
| ૨૧ | સોયાબીન | ૮૩૫ | ૮૮૨ |
| ૨૨ | મરચા લાંબા | ૧૦૩૦ | ૩૮૧૦ |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરામાં ખેલાયેલ આખલા યુધ્ધથી

પસાર થતાં રાહદારીઓ તથા વાહન ચાલકોમાંભયનીસાથેટ્રાફિકસમસ્યાઓ સર્જાયછે.

હજુ થોડા દિવસ પહેલાં જ અમરેલી ચિતલ રોડ ઉપર આવેલ રાધિકા હોસ્પિટલ સામે બે આખલાઓ યુધ્ધે ચડયા હતા. કેટલાંક લોકો આ આખલાઓને છૂટા પાડવા માટે જીવના જોખમે કામ કરતાં હતા પણ આ આખલાઓ છુટા પડવાના બદલે બંને આખલાઓ લડાઈ કરતાં કરતાં ત્યાં રોડ ઉપર આવેલ કોમર્શિયલ કોમ્પલેક્ષના બેઝમેન્ટમાં નીચે ખાબકયા હતા.

ત્યારે છેલ્લા કેટલાંક દિવસોથી ચિતલ રોડ ઉપર આવેલ ગાયત્રી મંદિર તરફ જતાં ગુરૂકૃપાનગર તથા નજીકમાં આવેલા વેસ્ટર્નપાર્ક સોસાયટીમાં બેથી ત્રણઆખલાઓછાશવારેયુધ્ધેચડેછેઅને આ સોસાયટીમાં કેટલાંક સમયથી આંખલાનો અનહદ ત્રાસ વધી ગયો હોય, ઘર પાસે રમતાં અથવા તો સ્કૂલે જતાં બાળકો તથા સોસાયટીમાં રહેતા લોકોના વાહનોનો ભોગ બને છે. વળી આ માર્ગમાં ઉપર રૂપાયતન સ્કૂલ તથા દીપક હાઈસ્કૂલ તથા અનેક મંદિર આવેલ હોય, જેને લઈ સતત ટ્રાફિક રહેતો હોય. ત્યારે આ રઘવાયા બનેલા આંખલાનો કોઈ વૃધ્ધ, મહિલાઓ કે વિદ્યાર્થીનો ભોગ લઈ લે તે પહેલાં પાલિકાતંત્ર દ્વારા આવા આખલાને ડબે પુરી લોકોના જાનમાલની રક્ષા કરે તે જરૂરી બન્યું છે.

**બાબરા**

બાબરાનાં દાનેવનગર વિસ્તારમાં ખેલાયેલ આખલા યુધ્ધને શાંત કરવા માટે જાગૃત્ત યુવકોએ છકડો રીક્ષામાંથી પાણીનો મારો ચલાવ્યો હતો અને મહામુસીબતે આખલા યુધ્ધ શાંત થયું હતું અને પાલિકાનાં શાસકો કયાંકને કયાંક તે સમયે વિકાસની ગુલબાંગો ફેંકતા હશે તેવું પણ બની શકે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૯૫૧ | ૧૧૪૧ |
| ૩ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૪ | તુવેર | ૧૬૬૦ | ૧૭૨૧ |
| ૫ | બાજરો | ૪૭૨ | ૪૭૨ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૩ | ૫૪૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૪ | ૬૦૧ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૧૫૧ |
| ૯ | સોયાબીન | ૭૨૫ | ૮૧૧ |
| ૧૦ | જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | સીંગફાડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૧૨ | અજમા | ૨૮૦૦ | ૨૮૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું મહેશભાઈને જીવતા નહી રહેવા દઈએ

વાડીએ ઘર બહાર સુતા હતા.ત્યારે આરોતીએ તેની સાથે બે અજાણ્યા વ્યકિતઓને લઈને યુવકના પિતાના નામની વાડીમાં પ્રવેશ કરી આરોપીએ યુવકને લાકડી વડે મુંઢ માર મારી તથા તેની સાથે બે અજાણ્યા આરોપીએ યુવકને ઢીકાપાટુંનો મુંઢમાર મારી ત્રણેય આરોપીઓ બિભત્સ ગાળો આપી જતા જતા યુવકના પિતાને કહેતા ગયેલ કે તમારી જમીન અમારા ખાતે કરી દેજો નહીતર અમે મહેશભાઈને જીવતા નહી રહેવા દઈએ.જાનથી મારી નાખવાની ધમકી આપી અને યુવકને મુંઢ ઈજા તથાં જમણા પગના સાથળના ભાગે ઉઝરડો કરી લોહી કાઢી ઈજાઓ કરી ગુન્હો કર્યાની ફરીયાદ નોંધાય છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૮ | ૧૪૩૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૭૫ | ૯૫૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૪૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૧૧૨૦ | ૧૧૫૦ |
| ૩ | ઘઉં | ૪૭૬ | ૫૫૧ |
| ૪ | ચણા | ૧૦૩૫ | ૧૧૬૨ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૬૦ | ૧૪૮૯ |
| ૨ | મગફળી | ૧૧૮૯ | ૧૨૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૩૦ | ૨૯૪૦ |
| ૪ | ઘઉં | ૪૬૮ | ૬૧૨ |
| ૫ | ચણા | ૯૪૫ | ૧૨૦૫ |
| ૬ | તુવેર | ૧૫૩૦ | ૧૮૯૦ |
| ૭ | ધાણા | ૧૧૬૦ | ૧૪૦૦ |
| ૮ | સોયાબીન | ૮૧૬ | ૮૫૪ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી ખાતે લાભાર્થીઓને આવાસોની

મળી શકે તે માટે શરૂ થયેલ મફત અનાજની યોજના દ્વારા દેશના ૮૦ કરોડ વ્યકિતઓને નિઃશુલ્ક અનાજ મળી રહ્યું છે. છેવાડાના માનવીને આવાસ, અનાજ, ઉજ્જવલા યોજના દ્વારા ગેસનો ચુલ્લો, ઘરે–ઘરે નળથી પીવાનું શુદ્ધ જળ, આયુષ્માન કાર્ડ દ્વારા આરોગ્ય સેવાઓનો લાભ કેન્દ્ર અને રાજય સરકારે અપાવ્યો છે. આ યોજનામાં રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રૂા. ૫ લાખનું કવચ વધારી અને રૂા. ૧૦ લાખનો લાભ આપવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની ઉપલબ્ધિઓ વર્ણવી હતી. તેમણે કહ્યુ કે, ૮૦ કરોડ નાગરિકોને મફત રાશન મળે તેવું વિશેષ આયોજન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર દ્વારા થયું છે જે આઝાદી પછી પહેલીવાર થયુંછે. વડાપ્રધાને છેવાડાના માનવીની ચિંતા કરતા તેમને આવાસ, અન્ન, રોજગારી આપી આત્મનિર્ભર બનવા તરફ દોર્યા છે. આજે દરેક ક્ષેત્રમાં સહકારથી સમૃદ્ધિ આવી રહી છે. દેશમાં પહેલીવાર સહકાર મંત્રાલયની રચના કરી વડાપ્રધાને સહકાર ક્ષેત્રના માધ્યમથી લોકોને સમૃદ્ધ બનાવવાનો પાયો નાંખ્યો છે. અગાઉ લોકો સુધી યોજનાકીય સહાય સો ટકા સુધી પહોંચી નહોતી ત્યારે જનધન યોજનાના માધ્યમથી લાભાર્થીઓને તેમના જ ખાતામાં સીધી સહાય મળી રહે છે. આ પ્રસંગે તેમણે કેન્દ્ર સરકારની શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સહકાર સહિતના ક્ષેત્રોની ઉપલબ્ધિઓ વર્ણવી હતી. આવાસ યોજનાના લોકાર્પણના સુચારૂ આયોજન બદલ તેમણે જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી પૂજા જોટાણીયાએ શાબ્દિક સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં શિક્ષણ વિભાગ દ્વારા કવીઝ કોન્ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના પ્રમુખ, અમર ડેરીના ચેરમેન, જિલ્લા કલેકટર, પ્રાંત અધિકારી, અમરેલી તાલુકા અને શહેરના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પદાધિકારીઓ અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ તેમજ લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.


**સંકુલ – રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ – ફક્ત ગર્લ્સ**

★ શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી)

★ જ્ઞાનશક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ – ફક્ત ગર્લ્સ માટે – સરકારશ્રી માં એપ્લાય થયા છીએ. – જે સૌની જાણ માટે

★ જ્ઞાનશક્તિ સ્કૂલ સરકારશ્રી મંજૂર કરશે તો – જૂન થી શરૂ થશે.

★ ધો. ૬ થી ૧૨ પ્રવેશ સરકારશ્રી આપશે – ફીજ સરકારશ્રી ચુકવશે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્થળઃ– શ્રીમતિ સાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 080


## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા**
**બગસરા, જિ.અમરેલી**

અરજદાર : શ્રી વેરસલભાઈ મામૈયાભાઈ લાવડીયા રે.નાની કુંકાવાવ,તા.કુંકાવાવ–વડિયા,જિ. અમરેલી. નં. એમએજી/વશી/રજી.નં.૦૭/૨૪ તા. ૦ /૦૨/૨૦૨૪

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, નાની કુંકાવાવ,તા.કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહિશ શ્રી **વેરસલભાઈ મામૈયાભાઈ લાવડીયા** તેમના માતૃશ્રી ગનુબેન મામૈયાભાઈ લાવડીયા તેમનુ **મરણ તા. ૨૬/૧૦/૨૦૦૬**ના કુંકાવાવ–વડિયા તાલુકાના નાની કુંકાવાવ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત **તારીખ ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સિક્કો — **સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, બગસરા**

## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા**
**બગસરા, જિ.અમરેલી**

અરજદાર : શ્રી ધિરૂભાઈ નાથાભાઈ ગેવરીયા રે.અમરાપુર,તા.કુંકાવાવ–વડિયા,જિ. અમરેલી. નં. એમએજી/વશી/રજી.નં.૦૮/૨૪ તા. ૦ /૦૨/૨૦૨૪

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, અમરાપુર, તા.કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહિશ શ્રી **ધિરૂભાઈ નાથાભાઈ ગેવરીયા** તેમના પુત્રશ્રી હસમુખભાઈ ધિરૂભાઈ ગેવરીયાનો **જન્મ તા. ૧૪/૦૬/૧૯૭૨**ના કુંકાવાવ–વડિયા તાલુકાના અમરાપુર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત **તારીખ ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સિક્કો — **સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, બગસરા**

## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા**
**બગસરા, જિ.અમરેલી**

અરજદાર : શ્રી ધિરૂભાઈ નાથાભાઈ ગેવરીયા રે.અમરાપુર,તા.કુંકાવાવ–વડિયા,જિ. અમરેલી. નં. એમએજી/વશી/રજી.નં.૦૯/૨૪ તા. ૦ /૦૨/૨૦૨૪

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, અમરાપુર, તા.કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહિશ શ્રી **ધિરૂભાઈ નાથાભાઈ ગેવરીયા** તેમના પુત્રશ્રી કિશોરભાઈ ધિરૂભાઈ ગેવરીયાનો **જન્મ તા. ૦૫/૦૪/૧૯૭૫**ના કુંકાવાવ–વડિયા તાલુકાના અમરાપુર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત **તારીખ ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સિક્કો — **સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, બગસરા**

## જાહેર નોટિસ

**નાયબ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા**
**બગસરા, જિ.અમરેલી**

અરજદાર : શ્રી ભુપતભાઈ નાનજીભાઈ ઢોલરીયા રે.નાની કુંકાવાવ,તા.કુંકાવાવ–વડિયા,જિ. અમરેલી. નં. એમએજી/વશી/રજી.નં.૧૦/૨૪ તા. ૦ /૦૨/૨૦૨૪

**અરજદારશ્રીના વકીલ યોગેશ ડી. દવે**
ઠે. શારદા શોપીંગ સેન્ટર, શોપ નં. ૪૬, મુ. મોટી કુંકાવાવ, તા. વડીયા, જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, નાની કુંકાવાવ,તા.કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી.

**// નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રહિશ શ્રી **ભુપતભાઈ નાનજીભાઈ ઢોલરીયા** તેમના માતૃશ્રી દિવાળીબેન નાનજીભાઈ ઢોલરીયા તેમનુ **મરણ તા. ૩૧/૦૫/૨૦૨૧**ના કુંકાવાવ–વડિયા તાલુકાના નાની કુંકાવાવ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત **તારીખ ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે** વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સિક્કો — **સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, બગસરા**

# બાબરામાં ખાદી ભંડાર ખાતે શુભેચ્છા મુલાકાત કરતા રાજયના પૂર્વ કેબિનેટ પ્રધાન બાવકુભાઈ ઉંધાડ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા – બાબરા

બાબરામાં લાઠી વિધાનસભા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અને રાજયના પૂર્વ કેબિનેટ બાવકુભાઈ ઉંધાડ દ્વારા બાબરા ખાતે ખાદી ભંડારની શુભેચ્છા મુલાકાત કરી ખરીદી કરવામાં આવી હતી. ખાદી ભંડારના અનિલભાઈ ચૌહાણ દ્વારા પૂર્વ પ્રધાન બાવકુભાઈ ઉંધાડનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે બાબરા શહેર ભાજપ મહામંત્રી બીપીનભાઈ રાદડીયા, યાર્ડના ડિરેક્ટર અલ્તાફભાઈ નથવાણી, હસુભાઈ પોપટ, પત્રકાર પંકજ ઈન્દ્રોડીયા, જીતુદાદા જોષી સહિતના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### એનસીટીઈએ નોટિફિકેશન બહાર પાડયું

## આગામી વર્ષથી બી.એડ. કોર્સમાં નવા પ્રવેશ આપવામાં નહી આવે

### શિક્ષક બનવા નવો કોર્સ આઈ.ટી.ઈ.પી. કરવો પડશે

**(ખાસ રીપોર્ટ : પ્રતાપ ખુમાણ, સાવરકુંડલા)**

સાવરકુંડલા, તા. ૧૦


ભારતમાં એવા કેટલાય લોકો છે, જે શિક્ષક બનીને દેશનું ભાવિ ઘડવાના સપના જોતા હોય છે, જે વિધાર્થીઓ ભવિષ્યમાં શિક્ષક બનવા માગે છે, તેમને જો અત્યાર સુધી ખબર ન હોય તો આ પોસ્ટ તેમના માટે જ છે. કેમ કે હવે આ પોસ્ટ માટે બીએડની ડિગ્રી જરૂર નથી. જો તમે પણ ટીચર બનવાનું સપનું જોતા હોય તો યાદ આ સમાચાર ધ્યાનથી વાંચજો. હકીકતમાં જોઈએ તો, આગામી વર્ષથી ભારતમાં બીએડનો કોર્સ બંધ થવા જઈ રહ્યો છે. તેની જગ્યાએ હવે નવો કોર્સ કરવા પડશે.

રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષણ પરિષદ દ્વારા તેને લઈને નોટિફિકેશન જાહેર કર્યુ છે. આગામી વર્ષથી ચાર વર્ષ માટે બીએ–બીએડ અને બીએસસી બીએડને બંધ કરવા જઈ રહ્યા છે.

તેની જગ્યાએ હવે એકીકૃત શિક્ષક શિક્ષણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવશે.તેની સાથે સમગ્ર સિલેબસ ચેન્જ કરી દેવામાં આવશે. એટલું જ નહીં, ફકત બીએ અને બીએડ કરેલા વિદ્યાર્થીઓ જ નહીં પણ બી કોમ વિદ્યાર્થીઓ પણ આ કોર્સ કરી શકશે, સરકારનો પ્રયત્ન છે કે, નવી શિક્ષણ નીતિ અંતર્ગત નવા ટીચર્સ તૈયાર કરવામાં આવશે. એનસીટીએ આ વાતને લઈને સૂચના જાહેર કરી છે. તેમાં કહેવાયું છે કે, હાલમાં તો બીએ–બીએડ અને બીએસસી–બીએડ ચાલી રહ્યા છે. તે છેલ્લું છે. આગામી વર્ષ ૨૦૨૫–૨૬થી આ કોર્સમાં નવા એડમિશન નહીં કરવામાં આવે. આગામી વર્ષથી આઈ.ટી.ઈ.પી. લાગુ થઈ જશે. તેના માટે તમામ શૈક્ષણિક સંસ્થાઓને એનસીટીઈની વેબસાઈટ પર જઈને નવા કોર્સ માટે અરજીકરવાની રહેશે. અરજી કરવાની છેલ્લી તારીખ પાંચ માર્ચ નક્કી કરેલી છે.

આ સમાચારને લઈને એજયુકેશનિસ્ટ પ્રોફેસર અશોક ભાર્ગવે લોકોની મૂંઝવણ દૂર કરી છે. તેમણે જણાવ્યું છે કે, હાલમાં ચાર વર્ષવાળા બીએ–બીએડ અને બીએસસી બીએડનો કોર્સ બંધ કરવામાં આવ્યા છે. જો કે, બે વર્ષવાળા બીએડ કોર્સ હાલમાં પણ ચાલુ રહેશે. ૨૦૩૦ સુધી તે કોર્સ ચાલું રહેશે. ત્યાર બાદ એ જ લોકો સ્કૂલમાં ટીચર બની શકશે, જેણે ચાર વર્ષનો શિક્ષણ પાઠયક્રમની ટ્રેનિંગ લીધી હોય.

### સર્વશ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધી એટલે ગિલોય



વર્તમાન સમયમાં જેવી રીતે સમગ્ર દેશ કોરોનાથી લડી રહ્યો છે ત્યારે કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન તો જરૂરી છે જ સાથે સાથે શરીરની રોગ પ્રતિકારક શકિ યોગ્ય રીતે જળવાઈ રહે તે પણ એટલું જ મહત્વનું છે. જેમાં આયુર્વેદ ખુબ કારગત નીવડે છે. ગિલોય રોગ પ્રતિકારક શકિત વધારવા માટે સર્વશ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધી છે. તેના અન્ય પણ જોરદાર ફાયદાઓ છે જેના વિશે ઘણાં લોકો જાણતા નથી. ગિલોય બદલાતી સીઝનમાં અનેક પ્રકારના વાયરલ અને બેકટેરિયલ ઈન્ફેકશનથી પણ બચાવે છે. ગિલોયનો ઉપયોગ કોરોના વાયરસ સામે રક્ષણ અને રોગ પ્રતિકારક શકિત વધારવા માટે પણ થઈ રહ્યો છે. ગિલોય એક આયુર્વેદિક એષધી છે. તે એક વેલ છે, જેનાં પાન મોટા અને ચીકણા હોય છે. તે ખાલી મેદાન, રોડ–રસ્તાની કિનારીઓ, જંગલ, પાર્ક, બાગ–બગીચા, ઝાડી–ઝાંખરાં અને દીવાલો પર ઉગે છે, પરંતુ તેને ઘરમાં પણ સરળતાથી ઉગાડી શકાય છે. બજારમાં પણ ગિલોયની વિવિધ દવાઓ અને ઉકાળા ઉપલબ્ધ છે. દરરોજ ગિલોયનું સેવન કરવાથી ઘણા ફાયદા થાય છે. કારણ કે તેમાંગિલોસ્ટેરોલ, ગ્લુકોસાઈડ, બર્બેરિન, ગીલોઈન, ગીલોઈન્ન આલ્કલાઈડ જેવા તત્વો હોય છે. આ તત્વો તાવ, ફ્લ્યુ, ડેન્ગ્યું, મેલેરિયા, પેટની સમસ્યા, લો બ્લડ પ્રેશર, હૃદય રોગ, એલર્જી, ડાયાબીટીસ, સ્કીનને લગતી બીમારીઓ વગેરે દુર કરવામાં મદદરૂપ બને છે. ગિલોયને આંબળા સાથે લેવાથી ચામડી સંબંધી રોગો જેવા કે એગ્જમાં, સોરીયાસીસ તેમજ લોહીની કમી, કમળો વગેરે જેવા રોગોથી રાહત મેળવી શકાય છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ધારાસભ્યનાં અધ્યક્ષ સ્થાને

## રાજુલા, જાફરાબાદ, ખાંભા વિધાનસભાનો લોકાર્પણ અને લાભાર્થી સંવાદ કાર્યક્રમ યોજાયો

### ૧૯૨ લાખનાં ખર્ચે નિર્માણ થયેલ ૧૬૦ આવાસોનું થયું લોકાર્પણ

રાજુલા, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આવાસોનુ ઈ– લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ સરકારી યોજનાના લાભાર્થી સાથે વર્ચ્યુઅલ સંવાદના કાર્યક્રમ અંતર્ગત રાજુલા જાફરાબાદ ખાંભા વિધાનસભા દ્વારા આયોજિત કાર્યક્રમ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયો.જેમાં રાજુલા વિધાનસભામાં ૧૬૦આવાસોનું ૧૯૨ લાખ ખર્ચે વડાપ્રધાન દ્વારા ઈ લોકાર્પણ કર્યુ હતું. આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું આગામી ચાર વર્ષમાં રાજુલા, જાફરાબાદ, ખાંભા વિસ્તારના જે જે કામો બાકી હશે તે બધા પૂર્ણ કરી દેવામાં આવશે. કાર્યક્રમની શુભ શરૂઆત આમંત્રિત મહેમાનો હસ્તે દીપ પ્રાગટ્ય કરીને આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ તેમજ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત સાથે પુષ્પગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવેલ સાથે રાજુલા કન્યાશાળા નંબર ૩, ની બાળા ઓ દ્વારા સ્વાગત ગીત સાથે સાથે વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવેલ આ કાર્યક્રમમાં વિશાળ માનવ મેદની જોવા મળી અંદાજિત ૩૦૦૦ જેટલા લોકો આ કાર્યક્રમમાં હાજર રહેલ. ઉપરોકત કાર્યક્રમમાં રાજુલાના પી.આઈ. ગીડા દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ. જેમાં એક પી.આઈ.,૩ પી.એસ.આઈ અને ૮૦ જેટલા પોલીસ સ્ટાફ આ બંદોબસ્તમાં ગોઠવવામાં આવેલ. આજના આ વિશેષ કાર્યક્રમમાં લોકસાહિત્યકાર શૈલેષ વાઘેલા પણ લોક સાહિત્ય રમઝટ સાથે સાથે સરકારની યોજના વિશે માહિતી આપેલી. આજના આ કાર્યક્રમ પ્રસંગે આ તકે રવુંભાઈ ખુમાણ, ચેતનભાઈ શિયાળ, બાબુભાઈ રામ, વિક્રમભાઈ શિયાળ, હરસુરભાઈ લાખણોત્રા, મીઠાભાઈ લાખણોત્રા, ધીરજલાલ પુરોહિત, ઘનશ્યામભાઈ સાવલીયા, રાજલબેન બાંભણીયા, દિલીપભાઈ જોશી, પરેશભાઈ લાડુમોર, દાદભાઈ વરૂ સહિતના અનેક આગેવાનો સાથે વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યકમને સફળ બનાવવા તમામ સરકારી કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવેલ.




## રાજકોટ : શ્રી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા કેન્સર જાગૃતિ અંગે સેમિનાર યોજાયો

રાજકોટ, તા. ૧૦

શ્રી ખોડલધામ ટ્રસ્ટ–કાગવડના નેજા હેઠળ કામ કરતી શ્રી ખોડલધામ મહિલા સમિતિ– રાજકોટ શહેર દ્વારા વિવિધ સેવાકીય કાર્યો અને વિવિધ કાર્યક્રમોનું સમયાંતરે આયોજન કરવામાં આવતું હોય છે. ત્યારે ગઈકાલે તારીખ ૮ ફેબ્રુઆરીને ગુરૂવારના રોજ રાજકોટ શહેરમાં શ્રી ખોડલધામ મહિલા સમિતિ– રાજકોટ શહેર દ્વારા કેન્સર જાગૃતિ અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ખોડલધામ મહિલા સમિતિ– રાજકોટ શહેર અને કુંડારીયા કેન્સર પ્રિવેન્શન ફાઉન્ડેશન (ડિવીઝન ઓફ રાજકોટ કેન્સર સોસાયટી શ્રી નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ, રાજકોટ) દ્વારા રાજકોટ શહેરના સરદાર પટેલ ભવન ખાતે કેન્સર જાગૃતિ સેમિનારનું આયોજન કરાયું હતું. આ સેમિનારમાં નિષ્ણાતો દ્વારા સ્તન કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર, મોઢાનું કેન્સર, ફેફસાનું કેન્સર અને કિડની જાગૃતિ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથે જ ફ્રી હિમોગ્લોબીન, બીપી અને સુગર નિદાન પણ કરી આપવામાં આવ્યું હતું.




આ કાર્યમાં બી.ટી.સવાણી હોસ્પિટલ– રાજકોટનો પણ સહયોગ મળ્યો હતો. આ સેમિનારમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ઉપસ્થિત રહીને કેન્સર અંગેની માહિતી મેળવી હતી. આ સેમિનારને સફળ બનાવવા શ્રી ખોડલધામ મહિલા સમિતિ– રાજકોટ શહેરની બહેનોએ ભાર જહેમત ઉઠાવી હતી.

### અરવિંદ કેજરીવાલની મોટી જાહેરાત

## પંજાબની તમામ સીટો પર હવે એકલા લોકસભા ચૂંટણી લડીશું

નવી દિલ્હી, તા.૧૦

લોકસભા ચૂંટણીની ઠીક પહેલા આમ આદમી પર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સતત પંજાબ પ્રવાસે છે. રાજ્યમાં પોતાની મુલાકાત દરમ્યાન દિલ્હીના સીએમ, મુખ્યમંત્રી ભગવંત માન સાથે અલગ અલગ સરકારી યોજનાઓની શરુઆત કરી રહ્યા છે.

આમ આદમી પાર્ટીના બંને મુખ્યમંત્રી મતદારોને વોટ તરીકે આશીર્વાદ પણ માગી રહ્યા છે. આ દરમ્યાન તેમણે જાહેરાત કરી દીધી છે કે રાજ્યની તમામ સીટો પર આપ પાર્ટી ઉમેદવાર ઉતારશે.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આજથી ૨ વર્ષ પહેલા તમે ખૂબ જ આશીર્વાદ આપ્યા હતા અને પંજાબમાં ૧૧૭માંથી ૯૨ સીટો જીતાડી હતી. આજે આપની સામે હાથ જોડીને વધુ એક આશીર્વાદ માગવા આવ્યો છું. ૨ મહિના બાદ લોકસભા ચૂંટણી છે. લોકસભા ચૂંટણી માટે પંજાબમાં ૧૩ સીટ છે અને એક સીટ ચંડીગઢમાં છે. આવનારા ૧૫ દિવસમાં આમ આદમી પાર્ટી આ ૧૪ સીટો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરશે.

આગળ સીએમ અરવિંદ કેજરીવાલે લોકસભા ચૂંટણી માટે મત માગતા કહ્યું કે, હવે આપ લોકોને નિવેદન છે કે, જેવી રીતે ૨ વર્ષ પહેલા આશીર્વાદ આપ્યા હતા, તેવી જ રીતે ૧૪ લોકસભા

## લોકસભાની ચૂંટણી પહેલાં સીએએ લાગુ થશે : અમિત શાહ

નવી દિલ્હી, તા.૧૦

લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી એક્ટિવ થઈ ગઈ છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક મોટી જાહેરાત કરી છે. એક સમિટમાં ગૃહમંત્રીએ કહ્યું કે, 'નાગરિકતા સંશોધન કાયદો (સીએએ) ચૂંટણી પહેલા દેશભરમાં લાગુ કરવામાં આવશે. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે સીએએ કોઈની નાગરિકતા નહીં છીનવે.'

વિપક્ષ પર આરોપ લગાતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, 'નાગરિકતા સંશોધન કાયદાનો ઉદ્દેશ્ય માત્ર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના લઘુમતીઓને જ નાગરિકતા આપવાનો છે જેઓ ધાર્મિક અત્યાચારનો સામનો કરી રહ્યા છે. આપણા મુસ્લિમ ભાઈઓને સીએએને લઈને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે અને ઉશ્કેરવામાં આવી રહ્યા છે.'

થોડા દિવસો પહેલા કેન્દ્રીય મંત્રી શાંતનુ ઠાકુરે દાવો કર્યો હતો કે આગામી સાત દિવસમાં સીએએ લાગુ કરવામાં આવશે. નાગરિકતા સંશોધન કાયદો ડિસેમ્બર ૨૦૧૯માં જ સંસદમાં પસાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રપતિએ આ બિલને મંજૂરી આપી હતી અને કાયદો બની ગયો હતો. આ કાયદામાં બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના ધાર્મિક લઘુમતીઓને નાગરિકતા આપવાની પણ જોગવાઈ છે.

સીએએ બિલ પાસ થતા તેનો દેશભરમાં વિરોધ થયો હતો. દિલ્હીના શાહીન બાગમાં મહિલાઓ ધરણા પર બેસી ગઈ હતી. ૨૦૨૩માં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દાવો કર્યો હતો કે,સીએએ લાગુ કરવા કોઈ રોકી શકશે નહીં.

# અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં રમોત્સોત્સવ એકલવ્ય ૨.૦નો દબદબાભેર પ્રારંભ






ભણતર સાથે રમત ગમત દ્વારા વિધાર્થીઓના ઉજજવળ ભવિષ્યનુ નિર્માણ થાય તેવા હેતુ થી અમરેલી નગર પાલીકાની નગર પ્રાથમિક સમિતી દ્વારા આયોજીત 'એકલવ્ય રમતોત્સવ ૨.૦નો નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને શુંભારંભ થયો હતો.મહાનુભાવોની ઉપસ્થિતમાં અમરેલી સ્થિત વિધાસભા ડી.એલ.એસ.એસ.ના પાંગણમાં મશાલ પ્રજવલ્લિત કરી રમતોત્સવની શરુઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ, વિધાર્થી જીવનમાં રમત ગમતનું શું મહત્વ છે તે બાબતે વિધાર્થીઓને જણાવ્યુ હતું. તેમણે કહ્યુ કે, આ રમતોત્સવમાં ભાગ લેનાર વિધાર્થીઓ ભવિષ્યમાં સમગ્ર રાજયમાં અમરેલી જીલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા છે.આ પ્રસંગે તેમણે કાર્યક્રમનાં આગોજન બદલ અમરેલી નગર પાલીકાને અભિનંદન પાઠવયા હતા. કાર્યક્રમના અધ્યક્ષ,ઈફકો ના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પ્રાસંગીક ઉદ્બોધન કરતા જણાવ્યુ કે, રાજયભરના ખેલાડીઓ રમત ગમતમાં આગળ વધે. તેવા પ્રયાસો રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.રાજયમાથીં ઓલિમ્પિક કક્ષાએ ભાગ લઈ શકે તે માટે ખેલાડીઓ તૈયાર થાય તે આશયથી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના કાર્યકાળ દરમિયાન ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવયો હતો.આ પ્રસંગે તેમણે આ કાર્યક્રમના આયોજન બદલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીને શુભકામનાઓ પાઠવી અને પ્રોત્સાહક રકમ આપવાની જાહેરાત કરી હતી.કાર્યક્રમના પ્રારંભે નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના ચેરમેન તુષારભાઈ જોશી તેમજ અમર ડેરી વાઈસ ચેરમેન મુકેશભાઈસંઘાણીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી વિધાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, લાઠી–બાબરા ના ધારાસભ્યર જનકભાઈ તળાવીયા,જીલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના શાશનાધિકારી આશીષભાઈજોશી, નગરપાલીકાના સદસ્યો,પ્રાથમિક શિક્ષણ સમિતીના સદસ્યો, કેમ્પ્સના ડિરેકટરો, રમતોત્સવના દાતાઓ વિવિધ શાળાના આચાર્યો, શિક્ષકો અને વિધાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## એકવીસમી સદીનાં આધુનિક ટેકનોલોજીનાં યુગમાં આખલાનો આતંક દૂર થતો નથી

# આ દેખે જરા : બાબરામાં ખેલાયેલ આખલા યુધ્ધથી ફફડાટ

**ફાઈવ ટ્રીલીયન ઈકોનોમીની સાથે આખલાનો આતંક દૂર થાય તેવું પણ કોઈ વિઝન સરકારે દર્શાવવું જોઈએ**

**અમરેલી જિલ્લામાં આર્થિક વિકાસ તો ભુલાયો પણ રખડતા પશુઓની સમસ્યા દૂર કરવામાં પણ ઠાગાઠૈયા**

**જિલ્લાની જનતાની ધીરજ કાબિલે તારીફ હોવાથી શાસકો તેનો ભરપૂર લાભ લઈ રહ્યા છે**

**સરપંચથી લઈને સાંસદ સુધીનાં પદાધિકારીઓ પૈકી કોઈ પાસે રખડતા પશુની સમસ્યા દૂર કરવાનું વિઝન જ નથી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૦

ભારત દેશની સરકાર દેશવાસીઓને ફાઈવ ટ્રીલીયન ઈકોનોમીનાં સપના દર્શાવી રહી છે. દેશમાંથયેલવિકાસનીવાતોકરીરહીછે, તો બીજી તરફ ભારત દેશનાં અમરેલી જિલ્લામાંરખડતાપશુઓનીસમસ્યાદૂર કરવામાં કયાંય કોઈ વિઝન સરપંચથી લઈનેસાંસદપાસેથીજાણવામળતુંનથી. અમરેલી,બાબરાસહિતજિલ્લાનાંદરેક શહેરમાં અવારનવાર સર્જાતા આખલા યુધ્ધથી જનતાજનાર્દનફફડીરહીછે.

**અમરેલી**

અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ મુખ્ય માર્ગ તથા અંદરની સોસાયટીમાંકેટલાંકસમયથીઆંખલાનો અનહદ ત્રાસ વધી ગયો હોય ઘર પાસે રમતાંઅથવાતોસ્કૂલેજતાંબાળકોતથા સોસાયટીરહેતાલોકોનાવાહનોનોભોગ બને છે. ત્યારે આ રઘવાયા બનેલા આંખલાનોકોઈનોભોગલઈલેતેપહેલાં પાલિકાતંત્ર દ્વારા આવા આંખલાને ડબે પુરી લોકોના જાનમાલની રક્ષા કરે તે જરૂરીબન્યુંછે.

અમરેલીનામુખ્યચિતલરોડ ઉપર આંખો દિવસ કેટલાંક રઘવાયા બનેલાઆખલાઓયુધ્ધખેલતાહોયછે. જેને લઈ છાશવારે આ માર્ગઉપરથી

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી લોહાણા મહાજને કરી માંગ

## ગુજરાતમાંથી રાજયસભાનાં ઉમેદવાર તરીકે લોહાણા સમાજને એક બેઠક ફાળવો

**પ્રમુખ જીતુભાઈ ગોળવાળાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા. ૧૦

અમરેલી લોહાણા મહાજનનાં પ્રમુખ જીતુભાઈ ગોળવાળાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.



પત્રમાં જણાવેલ છે કે, ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તેમાં પણ કચ્છ, ઉતર ગુજરાતમાં બહોળા પ્રમાણમાં લોહાણા સમાજ અસ્તિત્વ ધરાવે છે. વસ્તીની દ્રષ્ટીએ લોહાણા સમાજની વસ્તી ઘણી છે. પણ લોહાણા સમાજ વેપારી વર્ગનો હોય કોઈ એક જગ્યાએ તેમની વસ્તી હોતી નથી. જેમને કારણે જ્ઞાતીવાદના સમીકરણમાં લોહાણા સમાયને સાંસદ કે ધારાસભાની ટીકીટ ન મળવાના કારણે સમગ્ર સૌરાષ્ટ–કચ્છનો લોહાણા સમાજ રાજકીય રીતે સતત પાછળ રહી જાય છે.

છેલ્લા ૨૦થી ૨૫ વર્ષથી ૮૦થી ૯૦% લોહાણા સમાજ ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલો છે. દરેક ચુંટણીઓ વખતે જનુનથી ભાજપની તરફેણમાં મતદાન કરે છે. આમ છતાં તેમનું રાજકીય ભવિષ્ય અંધકારમય

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લામાં આત્મહત્યાની ઘટનામાં વધારો

## ધારીનાં ડાંગાવદર ગામના ૩૦ વર્ષિય યુવકે અંતિમવાટ પકડી

**ઘઉંમાં નાખવાનાં ઝેરી દવાનાં ટીકડા પીધા**

અમરેલી, તા.૧૦

ધારી તાલુકાના ડાંગાવદર ગામે રહેતા હસમુખભાઈનાજાભાઈ ચાવડા નામના ૩૦ વર્ષિય યુવકે અયમ્ય કારણોસર કંટાળી જઈ પોતે પોતાની મેળે ઘઉંમા નાખવાની ઝેરી દવાના ટીકડા પી,જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### લોહી, પાણી એક કરીને રીંગણા તૈયાર કરનાર ખેડૂતો પરેશાન

## હે રામ : અમરેલી જિલ્લામાં ડુંગળીનાં ભાવે રાતે પાણીએ રોવરાવ્યા બાદ રીંગણાનાં ભાવે પણ હાલત બગાડી

**બગસરાનાં માર્કેટયાર્ડમાં રીંગણા પશુઓનો ખોરાક બની ગયો**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લામાં ડુંગળીનાં ભાવે ખેડૂતોને રાતા પાણીએ રોવરાવ્યાબાદહવેરીંગણાનાંભાવપણ તળીયે બેસી જતાં ખેડૂતોએ બગસરા માર્કેટયાર્ડમાં ઉકળતા હૈયે રીંગણાને પશુઓને ધરી દઈને નિસાસા નાખ્યા હતા.


પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૨૨ સુધીમાંદેશનાંખેડૂતોનીઆવકબમણી કરી દેવાનું વચન આપેલ પરંતુ ૨૦૨૪માંપણખેડૂતોનીઆવકબમણી થવાનું દૂર રહ્યું પણ અર્ધી થઈ ગઈ છે. ખેડૂતોનુંજિલ્લામાંમહત્વનુંકોઈસંગઠન નહોવાથીખેડૂતોનેઆર્થિકમારસહન કરવામજબુરબન્યાછે.

### ગાંધીનાં ગુજરાતમાં ગામડે-ગામડેથી દારૂ ઝડપાઈ રહ્યો છે

## અમરેલીનાં રાંઢીયા ગામેથી વિદેશી દારૂની બોટલ સાથે બે આરોપી ઝડપાયા

અમરેલી, તા.૧૦

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના રાંઢીયા ગામે રહેતા જાગુભાઈ શંકરભાઈ પચાયા તથા લાલુભાઈ શંકરભાઈ પચાયા નામના બે આરોપીએ વગર પાર પરમીટે ભારતીય ઈંગ્લીશ દારૂની રીંગપેક કાચની બોટલો નંગ–૧૮ કિંમત રૂપિયા ૨૪૪૮ તથા રોયલ સીલેકટ ડીલકસ વ્હીસ્કી ૭૫૦ એમ.એલની ફોર સેલ ઈન મધ્યપ્રદેશ ઓન્લી લખેલ કંપની રીંગપેક પ્લાસ્ટીકની બોટલો નંગ–૧૯ ની કિંમત રૂપિયા ૮૪૫૫ મળી કુલ રૂપિયા ૧૦,૯૦૩ ના મુદામાલ સાથે બંને આરોપી પકડાઈ જતાં પોલીસે ધોરપોસર કાર્યવાહી હાથ ધરેલ છે.















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)